Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. } वीर सं. २४४४—आसो. आत्म सं. २३ } अंक ३ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીવીર સ્તુતિ. ... ... ... | ૫૭ | ૫ | સ્વાશ્રયી બનો.. ... ... | ૭૦ |
| ૨ | કેટલાક પ્રસ્તાવિક શ્લોકો.. ... | ૫૮ | ૬ | જૈન બન્ધુઓને ખાસ ઉપયોગી સૂચનાઓ. ... ... ... | ૭૪ |
| ૩ | સદ્દભાવનાનો અલૌકિકચમત્કારઅને તે આપણી નસેનસમાં પ્રગટાવવાની અનિવાર્ય જરૂર ... ... ... | ૫૯ | ૭ | પ્રકીર્ણ. ... ... ... | ૭૬ |
| | | | ૮ | ગ્રંથાવલોકન... ... ... | ૭૭ |
| ૪ | માનસદ્યોતન. ... ... ... | ૬૧ | ૯ | વર્તમાન સમાચાર અને સ્વર્ગવાસ નોંધ... ... ... ... | ૭૮ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી કલ્પસૂત્ર—કીરણાવલી ગ્રંથ.

ઉપરનો ગ્રંથ મુનિમહારાજા તથા જ્ઞાનભંડારોને આ સભાનાં ધારા મુજબ ભેટ આપવા માટે પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમાન્ વિજયકમલસૂરીશ્વરજી મ૦ ના શિષ્ય શ્રી વ્યાખ્યાન વાચસ્પતિ **મુનિરાજશ્રી લબ્ધિવિજયજી મહારાજના** સદુપદેશથી શ્રી માણસા નિવાસી શેઠ દોલતરામ વેણીચંદના સુપુત્ર **શેઠ સ્વરૂપચંદભાઇ** તથા તેમના ધર્મ પત્ની બહેન **ચુનીબાઇ**ની આર્થીક સહાય વડે આ સભા તરફથી છપાય છે. જે તૈયાર થયે ઉપર જણાવ્યા પ્રમાણે ભેટ મોકલવામાં આવશે.

**શ્રી જૈન આત્માનંદ સભા**
**ભાવનગર.**

---

## જાહેર ખબર.

હાલના મોંઘવારી અને દુકાળના વખતમાં શ્રી સુરતના જૈનો તરફથી દુકાળ પીડીત ભાગોમાંના જૈનોની જૈન બાળકોને સુરતમાં એક વરસ સુધી આશ્રય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે અને હાલ તુરત આશરે ૨૦૦) છોકરાઓને સુરતમાં રાખવાનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. અને સુરતમાં ઉપર જણાવ્યા પ્રમાણેના જૈનભાઇઓ જશે ત્હેને ખોરાકી પોષાકી રહેઠાણ વિદ્યાભ્યાસ વીગેરેનો યોગ્ય બંદોબસ્ત સુરતના જૈન ભાઇઓ તરફથી કરી આપવામાં આવશે.

M. P. Badamee.
Talakchand Premchand.
G. N. Kapadia.

---

# જાહેર ખબર.

## જૈન સેનેટેરીઅમ.

મુંબઇ જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ મારફતે નીમાએલ જૈન સેનેટેરીઅમ કમીટીના ઓન. સેક્રેટરીઓ પર પત્ર લખી, ધી ઇન્ટરનેશનલ ટ્રેડીંગ કું. તરફથી મી. કે. બી. વકીલ તેમજ મી. મણીલાલ મ્હોકમદાસ શાહે દરેકે રૂપીઆ એક હજાર, મુંબઇ શહેરમાં વસ્તા જૈન ભાઇઓ સારૂ મુંબઇ શહેરનાં પરામાં બાંધવા ધારેલા જૈન સેનેટોરીઅમના મકાન ફંડમાં આપવા સારૂં કબુલાત આપી છે, તે માટે ઓનરરી સેક્રેટરીઓ આભાર માને છે અને આશા રાખે છે કે જૈન કોમના બીજા શ્રીમંતો પણ આ પૂન્યના કાર્યમાં પોતાનાથી બનતો ફાળો આપી જૈનો સારૂ એક સેનેટેરીઅમ કાયમ માટે બંધાય તેવા ઉપાયો યોજવા પ્રયત્નો કરશે.

---

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલય. દરાપુરા. લાઇફ મેમ્બર.
૨ સલોત હરગોવનદાસ લક્ષ્મીચંદ રે૦ ભાવનગર પે. વ. વાર્ષિક મેમ્બર.
૩ શા ભાઇચંદ મોતીચંદ રે૦ ભાદોલ. „

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४४, आश्वीन आत्म संवत् २३. [ अंक ३ जो.

## શ્રી વીર સ્તુતિ.

( સ્ત્રગ્ધરા. )

આપે છે શૈત્ય સુધા રસમય અતિશે સેવકોને સદાયે,
વિસ્તારે જ્ઞાન જ્યોતિ વિલય કરી સદા મોહનો અંધકાર;
પોષે છે જ્ઞાન વૃક્ષ પુરણુ બની મહા રેંમથી નેમથી એ,
મોક્ષશ્રીથી વિભષિત્ પુરણુ વીર શશી સેવજો નિત્ય હર્ષે.

V. M. Shah.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક પ્રસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

લે. રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

कोऽर्थान् प्राप्य न गर्वितो विषयिणः कस्यापदोऽस्तं गताः
स्त्रीभिः कस्य न खण्डितं भुवि मनः को नाम राज्ञां प्रियः ।
कः कालस्य न गोचरान्तरगतः कोऽर्थी गतो गौरवं
को वा दुर्जनवागुरासु पतितः क्षेमेण यातः पुमान् ॥

**શાર્દુલ.**

કોનું ચિત્ત થયું ન ખંડિત અરે આ વિશ્વમાં નારીથી ?
કોને ગર્વ થયો ન ભાઈ ! પલમાં પૈસા તણી પ્રાપ્તિથી ?
કાળે કયા જનને ન ભક્ષ કરિયો આયુષ્ય પુરૂં થતાં ?
કયા અર્થિ જનને મહત્વ મળિયું સંસારમાં ભીખતાં ?
દ્વેષી દુષ્ટ જનો તણા કપટની જાળે ફસાઇ પડી,
ક્ષેમે મુકત થવા કયા સુજનને યુકિત પછીથી જડી ?
કયા સ્ત્રી લંપટને ન નિત્ય દમતી વેગે વડી આપદા ?
રાજાને પ્રિય કોણ છે વળિ કહો આ વિશ્વમાં સર્વદા ?

माता निंदति नाभिनंदति पिता भ्राता न संभाषते ।
भृत्यः कुप्यति नानुगच्छति सुतः कान्ता न संरंजते ।
अर्थ प्रार्थनशंकया न कुरुतेऽप्यालापमात्रं सुहृत्
तस्मादर्थमुपार्जयस्व च सखे ह्यर्थस्य सर्वे वशाः ॥

**હરિગીત.**

નિંદા કરે માતા, પિતા પ્રીતે ન બોલાવે કદિ,
કાન્તા ન મનરંજન કરે મુખથી મધુર વાણી વદી;
ભાઈ ન પૂછે ભાવ સુત આજ્ઞા સહૂ ઉથાપતા,
ધન માગશે એ ભય થકી મિત્રો ન મનમેં આપતા.
ધનહીન જનની જગતમાં આવી દશા દેખાય છે,
ધનવાનને સુત દાર માતા સર્વ આધીન થાય છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે માટે શાણા સજ્જનો ધન કાજ યત્નો બહુ કરો,
યત્નો છતાં જો ના મળે તો દૈવનો દોષજ ખરો.

वृक्षं क्षीणफलं त्यजंति विहगाः शुष्कं सरः सारसाः
पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा दग्धं वनान्तं मृगाः ।
निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका भ्रष्टश्रियं मन्त्रिणः
सर्वः कार्यवशाज्जनोऽभिरमते कस्यास्ति को वल्लभः ॥

### ઇન્દ્રવિજય.

ક્ષીણ થતાં ફળ પંખી તજે તરૂ ષટ્પદ પુષ્પ સુગંધ વિનાના,
સારસ વારિ વિહીન સરોવર દગ્ધ થતાં વનને મૃગ શાણા;
મંત્રિજનો પદભ્રષ્ટ નરાધિપ વાર વધૂ ધનહીન જનોને,
સ્વાર્થ વિષે નર એમ રમે સહુ, કોણ કહો જગમાં પ્રિય કોને ?

एते सत्पुरुषाः परार्थ घटकाः स्वार्थान् परित्यज्य ये
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये ।
तेऽमी मानव राक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये
ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥

### ઝુલણા છંદ.

સ્વાર્થ પોતાતણો ત્યાગી તત્પર રહે પરહિતે જે સદા સજ્જનો તે,
સ્વાર્થ જે જાળવી પરહિતે ઉદ્યમી માન સામાન્ય પુરૂષો ખરે તે;
સ્વાર્થને કાજ પરહિત હણે જે નરો માનવો તે નહીં દાનવો છે,
પણ વૃથા જે કરે ભૂંડું પરનું કહો નામ તે નીચને કયું ઘટે છે ?

( ચાલુ )

## સદ્ભાવનાનો અલૌકિક ચમત્કાર અને તે આપણી નસેનસમાં પ્રગટાવવાની અનિવાર્ય જરૂર.

( લેખક—સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી—પાટણ. )

સમાજનું કે પવિત્ર શાસનનું ખરૂં હિત હૈયે ધરનાર દરેક વ્યક્તિને સદ્ભાવના એ પોતાનો મુદ્રાલેખ હોવો જોઇએ, અને તેને પોતાની નસેનસમાં ઉતારી લેવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુગ્ધ જીવો અજ્ઞાનવશ માયિક સુખમાં મુંઝાઇ રહે છે, જેમ શ્વાન શુષ્ક હાડકાને ખાવામાં મઝા માને છે-સુખ સમજે છે પણ તેમાં પરિણામે દુઃખનેજ પામે છે, તેમ માયિક સુખ પછવાડે દોડતાં મુગ્ધ જીવો પરિણામે દુઃખજ મેળવે છે. સહુકોઇ સુખનેજ ચાહે છે, પરંતુ તે સુખ ક્ષણવિનાશી નહિ પણ અવિનાશી હોવું જોઇએ. અસાર નહિ પણ સારભૂત હોવું જોઇએ, તેવું ખરૂં સારભૂત અવિનાશી સુખ આત્મામાંથીજ મળી શકે છે. મુગ્ધ-અજ્ઞાની જીવ તે મેળવી શકતો નથી. જ્ઞાની-વિવેકી આત્માજ તે મેળવવા ભાગ્યશાળી બને છે, યથાર્થ જ્ઞાન-સમજ, યથાર્થ શ્રદ્ધા-પ્રતીતિ અને યથાર્થ વર્તનવડેજ તેવું વાસ્તવિક સુખ મેળવી શકાય છે. પ્રત્યેક આત્મામાં અનંત ગુણરાશિ ( ખરી ઝવેરાત ) છુપી રહેલી છે, તેની **બરાબર માહેતી,** તેવો **દ્રઢ વિશ્વાસ** અને આત્મામાંજ છુપી રહેલી અનંત ગુણરાશિને પ્રગટ કરી લેવા સર્વજ્ઞ વચનાનુસારે **દ્રઢ પ્રયત્ન** એજ સત્યસુખ પ્રાપ્તિનો અમોઘ ઉપાય છે. અજ્ઞાન અને મોહવશ જીવ ખરો માર્ગ ભૂલી ખોટો માર્ગ પકડી લઇ સ્વચ્છંદપણે ચાલવામાંજ ચતુરાઇ સમજે છે તેથીજ તે સુખને બદલે દુઃખમાંજ ગબડતો જાય છે. ખરેખરી દિલગીરી ઉપજાવે એવી આ દુઃખદાયી સ્થિતિમાંથી પ્રત્યેક જીવનો ઉદ્ધાર કઇ રીતે થાય એવું હિતચિંતવન કરવારૂપ **મૈત્રીભાવ,** તેના દુઃખનો અંત આણવા તનથી, મનથી, વચનથી કે ધનથી દરેક શકય એવો દ્રઢ યત્ન કરવારૂપ **કરૂણાભાવ,** કોઇપણ સુખી કે સદ્દગુણીને દેખી કે સાંભળી દીલમાં પ્રમોદ ધરવારૂપ **મુદિતાભાવ,** અને ગમે તેવા નીચ-નિંદકર્મ કરનારને પણ કેવળ કરૂણાદ્રષ્ટિથી સમજાવી ઠેકાણે પાડવાનું બની નજ શકે ત્યારે પણ તેને કર્મવશ લેખી રાગદ્વેષ રહિતપણે તટસ્થ રહી સ્વકર્તવ્યપરાયણ થઇ રહેવારૂપ **માધ્યસ્થ્યભાવ** સ્વપરને અત્યંત હિતકારી છે. સંસાર પરિભ્રમણ ઉપાદાન કારણરૂપ રાગદ્વેષ અને મોહાદિકનું સર્વથા ઉન્મૂલન કરવા અને અક્ષય અજરામર મોક્ષસુખ મેળવવા ઇચ્છનાર દરેક વ્યક્તિએ ઉક્ત સદ્દભાવના સ્વહ્રદયમાં સદોદિત જ રાખવી જોઇએ, એથીજ આપણે ઐકયતા ઉપજાવી સ્વપર હિત સરલતાથી સાધી શકીશું, અને અંતે પરમશાન્તિ પણ મેળવી શકીશું. મલીન-વિરોધી વિચાર, વાણી અને વર્તનવડે જે કુસંપ અને અશાન્તિ ઉપજાવી સ્વપરના અહિતમાંજ વધારો કરવામાં આવે છે અને તેથી બચવા જેમ બને તેમ ઉજવળ-અવિરોધી વિચાર, ઉચ્ચાર અને વર્તન આદરવાની આપણસહુને અનિવાર્ય જરૂર છે, એવી સ્પષ્ટ સમજ અને પ્રતીતિ રાખી સ્વપર શ્રેયઃ સાધક પ્રયત્ન કરવા સહુકોઇ બંધુઓ અને બ્હેનોએ સાવધાનતા રાખવી ઉચિત છે. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનસદ્યોતન.

( Meutal suggestions )

આપણા મન ઉપર જે અસરો, નિશ્ચયો અથવા સંસ્કારો પડે છે તે બે પ્રકારે આપણા માનસબંધારણમાં પ્રવેશ પામે છે. એક તો આપણી ન્યાયશક્તિ દ્વારા તુલના કરી, અથવા બુદ્ધિવડે નિર્ણય કરી, અથવા વિવેકવડે સારાસાર કે યોગ્યાયોગ્યનો નિર્ધાર કરી જે વિચારને આપણા અંતઃકરણમાં સ્થાન આપીએ છીએ તે, અને બીજો પ્રકાર બુદ્ધિ, વિવેક કે ન્યાયશક્તિના વ્યાપારોની સહાય લીધા વિના માત્ર આવેગ, કે લાગણીથી દોરાઇને આપણા આંતરીક બંધારણમાં જે વિચારો દાખલ થવા દઇએ છીએ તે છે. દલીલ, તુલના અથવા ન્યાયશાસ્ત્ર સંમત નિરૂપણથી આપણા મન ઉપર જે અસર થાય છે તે બુદ્ધિગત નિર્ણય છે. આપણી વિચાર અને મનનશક્તિના વ્યાપારને તે નિર્ણય બાંધવામાં ન્યુનાધિકપણે અવકાશ રહે છે, અને આપણી ન્યાયવૃતિની મંજુરીથીજ તે નિર્ણય પોતાનું જીવન ભોગવે છે, એથી ઉલટું આપણી લાગણી અથવા આવેગ દ્વારા આપણા મન ઉપર જે સંસ્કારો પડે છે તેમાં આપણા પૂર્વના અનુભવ અથવા વિવેકની કસોટીનો મુદ્દલ અવકાશ રહેતો નથી. આ પ્રકારે જે સંસ્કારો મનુષ્યના અંતઃકરણમાં સંસ્થાપિત થાય છે તેને માનસદ્યોતન કહેવામાં આવે છે, એટલે કે તેમાં જે સંસ્કારો આપણી બુદ્ધિના દ્વારથી આપણા મનમાં પ્રવેશ પામવા જોઇએ તે સંસ્કારો તે દ્વારથી પ્રવેશ ન પામતા, લાગણી અથવા હૃદયના દ્વારથી પ્રવેશ પામે છે. જૈન શાસ્ત્રની પરિભાષામાં આ માનસદ્યોતનને ઓઘસંજ્ઞાના નામથી ઓળખવામાં આવી છે.

આ દ્યોતન અથવા ઓઘસંજ્ઞા અને આપણા બુદ્ધિગત નિર્ણયો એ બે વચ્ચે આપણે ઘણીવાર કશો પ્રભેદ જોઇ શકતા નથી; જે વિચારો આપણે ઓઘસંજ્ઞાથી નિભાવતા આવ્યા છીએ તેને પણ આપણે બહુધા આપણા બુદ્ધિગત વિચારોરૂપે માની લઇએ છીએ, કેમકે એક વિચાર એક વખત આપણા અંતઃકરણમાં દાખલ થઈ ગયા પછી (ભલે તે વિચાર ન્યાયશક્તિના પ્રવર્તન દ્વારા કે માત્ર ઓઘસંજ્ઞાથી દાખલ થઈ ગયો હોય ) ફરીથી તે આપણા ભાનના પ્રદેશમાં આવે છે, ત્યારે તેને આપણે આપણો સ્વતંત્ર અને આપણી મુખત્યારીથી બાંધેલા વિચારરૂપે સ્વીકારીએ છીએ. એ વિચાર, નિર્ણય કે ભાવના આપણી ન્યાયવૃતિની કસોટીથી કસાએલી છે કે કેમ, અથવા વિવેકના પ્રકાશમાં તે યોગ્ય છે કે કેમ તે પ્રથક્કરણ કરવાનું કાર્ય બહુજ થોડા મનુષ્યો કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે બધા અહોનિશ ચોતરફથી આ પ્રકારના ઘોતનોનો સંગ્રહ કરતાજ રહીએ છીએ. એ ઘોતનના સ્વરૂપનો, પ્રકારનો તેમજ પ્રમાણનો આધાર આપણી ન્યાયશક્તિના તારતમ્ય ઉપર આપણી સારાસાર નિર્ણય કરવાની શક્તિ ઉપર અને આપણા સંકલ્પ-બળના ન્યુનાધિકપણા ઉપર રહેલો છે. આ બધાં મનુષ્યો છેક બાલ્યકાળથી આ પ્રકારના ઘોતનોનો સંગ્રહ કરતાજ આવે છે અને એ ઘોતનો આપણી કેળવણીનો એક ઘણોજ અગત્યનો વિભાગ છે. બાલ્યકાળના ઘોતનો ઉપરજ મનુષ્યના ભાવીજીવનના ઉત્કર્ષનો ઘણો આધાર રહે છે, પરંતુ જે વયે પહોંચ્યા પછી આપણામાં ન્યાય, વિવેક અને બુદ્ધિ-શક્તિનો સ્વાભાવિક ઉદય થાય છે તે વયે પણ જો આપણે એ પ્રકારના ઘોતોને આપણા માનસગંધારણમાં પ્રવેશ્યે જવાની સંમતિ આપ્યા કરીએ તો આપણા જીવન ઉપર ઘણી માઠી અસર થવા યોગ્ય છે, કેમકે અન્ય મનુષ્યોના અથવા આસપાસના સંયોગોની અસરોને અતિ માત્રામાં આધિન રહેવું એ આપણા સ્વતંત્ર વ્યક્તિત્વનો પરિત્યાગ કરી દેવા તૂલ્ય છે. મનુષ્ય માત્ર એક સ્વતંત્ર વ્યક્તિ છે તેને પોતાનું પ્રથક, નિરાળુ અને વિશિષ્ટ સ્વત્વ છે. જ્યાંસુધી મનુષ્ય પોતાનું વ્યક્તિત્વ અથવા સ્વત્વ સંભાળતો નથી, અને પોતાની ન્યાયશક્તિના વ્યાપાર દ્વારા યોગ્યાયોગ્યનો નિણુય કરી તદનુસાર પોતાના જીવનને નિયમાવતો નથી ત્યાંસુધી ખરા અર્થમાં વ્યક્તિ ( individual ) નથા ત્યાંસુધી તે માત્ર આસપાસની અસરો, સંસ્કારો, સંજ્ઞાઓ અને ઘોતનોને ગ્રહ્યા કરતું એક સંયોગોનું ક્ષુદ્ર પ્રાણી છે. જે મનુષ્ય જેટલે દરજ્જે વ્યક્તિત્વહિન છે તે મનુષ્ય તેટલે દરજ્જે પોતાના વિચારો બાંધવાનું કામ બીજાને સોંપે છે, અને તે બીજા શખ્સે બાંધીને તૈયાર કરી આપેલા વિચારોને સત્ય અને સિદ્ધ માની લઇ પોતાના અંતઃ-કરણમાં તેને આરૂઢ થવા દે છે, વખત જતાં જ્યારે તે વિચારો પુનઃ તેના ભાનની મર્યાદાના ક્ષેત્રમાં આવે છે ત્યારે તે વિચારોને તે પોતાના સ્વતંત્ર વિચારો તરીકે માની લેવાની ભુલ કરે છે. મનુષ્યની ન્યાયશક્તિ જેટલે અંશે ન્યુન હોય છે તેટલે અંશે તેનું સ્વત્વ અથવા વ્યક્તિત્વ પણ કમી હોય છે, અને તે ન્યુનતાના પ્રમાણમાં આસપાસના પ્રાણી પદાર્થોમાંથી ઘોતનો ગ્રહણ કરવાની તેની પાત્રતા વધારે હોય છે.

બહુજ અલ્પ મનુષ્યો જાતે સ્વતંત્ર વિચારો બાંધતા હોય છે. તેઓ જેમ અન્યકાર્ય પોતાના ઘરના માણસો અથવા નોકરોને સોંપે છે તેમ વિચારો બાંધવાનું કામ પણ બીજાને સોંપે છે. અને પછી તે બંધાઇને નકી થયેલા વિચારોને પોતે બાંધેલા તરીકે માની લઇ પોતાના અભિમાનને નિભાવે છે. એ વિચારો બાંધનાર, જો તે વિચારો ધર્મ, આચાર કે પારલૌકીક વિષયને લગતા હોય છે તો તે શખ્સ એક મહાન પુરૂષ રૂપે મનાય છે, આવા પુરૂષો પોતાના વિષયને લગતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે નિર્ણય ઉપર આવ્યા હોય છે તે નિર્ણયને અંગે તેમણે જે મનોવ્યાપાર સેવ્યા હોય છે, તે બધા મનોવ્યાપારનું સ્વરૂપ તેઓ પોતાના વિચારના ગ્રાહકોને જણાવી શકતા નથી. કેમકે તે ગ્રહણ કરવા જેટલું તેમનામાં વ્યક્તિત્વ સ્ફુટ થએલુ હોતું નથી. આથી તેઓ માત્ર સિદ્ધાંતરૂપે, પોતાના છેવટના નિર્ણયને રજુ કરે છે. આસપાસના લોકો તે નિર્ણયને પકડી લે છે અને તેને પોતાના હૃદયમાં ઉંડા જામવાની પરવાનગી આપે છે. આમ થાય એ એક પ્રકારનું દ્યોતન છે. એ દ્યોતનને અંગે આપણામાં ઉપસ્થિત થએલો નિર્ણય શુદ્ધ છે કે અશુદ્ધ છે, યોગ્ય છે કે અયોગ્ય છે એ જુદી વાત છે, પરંતુ તે નિર્ણય આપણામાં બુદ્ધિના દ્વારથી પ્રવેશ્યો હોતો નથી. જ્યાંસુધી એ નિર્ણય–અગર તે ગમે તેવો ઉચ્ચ, વિશુદ્ધ કે ભવ્ય હોય–તોપણ જ્યાંસુધી તે માત્ર લાગણી અથવા આવેગના જોરથી આપણામાં નિવાસ પામેલો હોય છે ત્યાંસુધી તેની કિંમત બહુ જુજ છે. રત્નની કીંમત તેના રત્નપણા ઉપર નથી, પરંતુ તે ચીજ રત્ન છે એ પ્રકારના આપણા ભાન ઉપર છે.

આપણા જીવનનું જો આપણે પ્રથક્કરણ કરીએ તો આપણને માલુમ પડે કે તે સોએ નવાણું ટકા દ્યોતનોનુંજ રચાએલું છે, મનુષ્ય પોતે બહુજ થોડી વાતોનો નિર્ણય કરે છે. મોટે ભાગે તે બીજાએ કરેલા નિર્ણયને જ પોતાની અક્કલથી થયેલા નિર્ણયોરૂપે માની લઇ નિભાવે છે. આ માનસદ્યોતનના ચાર મુખ્ય વર્ગ છે. આપણે આ સ્થળે ચારે વર્ગનો અનુક્રમે વિચાર કરીશું.

આપ્ત પુરૂષ તથા પ્રમાણભૂત ગણાતા પુરૂષો તરફથી મનુષ્યોને જે કાંઇ કહેવામાં આવે છે તે કથનને મનુષ્યો તેની વાસ્તવીક કીમતે ન આંકતા તે અમુક પુરૂષ વિશેષનું વાકય છે એટલાજ કારણથી તે કથન ઉપર અસાધારણ મહત્વ અર્પે છે. આપણે જે પુરૂષો પ્રત્યે વંશપરંપરા ગત ટેવોના કારણથી, અથવા તે પુરૂષના માત્ર બાહ્યાચરણના કારણોથી, પૂજ્યભાવથી જોતા આવ્યા હોઇએ છીએ તે પુરૂષ જો આપણને કોઇ વાકય દૃઢપણે નિશ્ચયપણાના આડંબર સહિત કહે તો તે વાકયને આપણે યથાર્થ માની લઇએ છીએ, અને સામાન્ય રીતે આપણી ન્યાયબુદ્ધિનું પ્રવર્તન તે વાકયના સંબંધે યોજતા નથી. ઘણા ઢોંગી મનુષ્યો આ પ્રમાણે પ્રમાણભૂતપણાનો આડંબર એવી હીકમતથી સચોટ રીતે ચલાવી શકે છે કે તેના દ્યોતનની અસર બીજી બધી રીતે ડાહ્યા અને બુદ્ધિમાન ગણાતા મનુષ્યો ઉપર પણ થાય છે. આવા મનુષ્યો જે કાંઇ કહે છે તે યથાર્થ છે કે કેમ તે સંબંધી કાંઇ પણ પ્રશ્ન થયા વિના તેની વાતનો સ્વીકાર થાય છે. ઘટતો આડંબર, ગંભીરતા અને પોતાવડે પ્રતિપાદિત થતા વિષયના મહત્વનો દેખાવ, એટલા વાના હોય તો પ્રાકૃત સમુદાય તે મનુષ્યના ગમે તેવા કથનને સ્વીકારી લે છે. આ વિશ્વમાં ધર્મના બ્હાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલા ખોટા તુતો ચાલ્યા છે તેનો ઈતિહાસ તે ફક્ત આ પ્રકારના પ્રમાણભૂતપણાના ઘોતનનોજ ઇતિહાસ છે. આજે પણ એવી અનેક પ્રવંચનાઓ અને સ્વાર્થપૂર્ણ ઘટનાઓ દરેક ધર્મમાં આ પ્રકારના ઘોતનના બળથી ચાલી રહેલી છે.

જે સમુદાય કે સંપ્રદાયમાં તેના અંગભૂત મનુષ્યોની ન્યાયબુદ્ધિનો પ્રવાહ જેટલા દરજ્જે મંદ અને છીંછરો હોય છે તેટલા દરજ્જે તે સમુદાય આવા પ્રકારના "ધાર્મીક" ઘોતનોને આધીન રહે છે. આવા સમાજમાં જો એક ન્યુનાધિક પ્રતાપયુક્ત વ્યક્તિ આવી કહે કે:—"ભાઇઓ! આપણા પ્રભુએ અમુક સ્થાને આ પ્રકારે કહ્યું છે માટે તમે અમુક અમુક કાર્ય કરો." તો તુર્તજ તે સમાજ તે કથનને પોતાની ન્યાયની કસોટીએ ચઢાવ્યા વિના ગ્રહણ કરી લેશે. અને પોતાના પરસેવાથી એકત્ર કરેલા દ્રવ્યનો કોઇ કાલ્પનીક હેતુની સિદ્ધિ માટે આંધળો વ્યય કરી નાંખશે. તદ્દન ખોટા અને પાયા વગરના તુતો અનેક મૂર્ખ મનુષ્યોદ્વારા ચાલે છે અને તે ભલા પ્રકારે નભ્યે જાય છે તેનું કારણ એટલુંજ છે કે એ મૂર્ખ જેવા મનુષ્યો અમુક પ્રકારના ઢોંગ અને વર્તનની ધાટીના પ્રભાવથી અમુક પ્રકારનું ઘોતન આસપાસના સમુદાય ઉપર ઉપજાવી શકે છે. જેઓએ પોતાની ન્યાયબુદ્ધિને ઘરાણે મુકી છે તેઓ ભાગ્યેજ પોતાના હૃદયને પુછવાની તક લે છે કે:—"આ વિષયમાં મારી ન્યાયબુદ્ધિ શું ઉત્તર આપે છે." તેઓ આવી બાબતમાં પોતાના હૃદયને એટલુંજ પુછે છે કે "આ વિષયમાં ફલાણા ભાઇ કે અમુક વ્યકિતનું શું કહેવું છે." તેઓ દરેક બાબતમાં કોઇ પ્રમાણભૂત ગણાતા પુરૂષના અભિપ્રાયની અપેક્ષા રાખે છે. પોતાને પ્રાપ્ત થયેલી બુદ્ધિની બક્ષીશનો ઉપયોગ કરવાનું સાહસ ઉઠાવવું એ તેને મહાભારત કાર્ય ભાસે છે. આવા મનુષ્યોને પોતાના વ્યક્તિત્વની કશીજ કીંમત હોતી નથી, પોતાનું સ્વત્વ શું છે તેનું તેમને મુદ્દલ ભાન હોતું નથી. તેઓ પારકાના અભિપ્રાય પ્રમાણે પોતાના અભિપ્રાયનું સ્વરૂપ ગોઠવી દે છે. પોતાના વ્યક્તિત્વને સજ્જડ દઢ અને મજબુત કરવાને બદલે તેને શીથિલ, મંદ અને ઢીલું કરી નાંખે છે, અને બીજા મનુષ્યો તેમના અંતઃકરણમાં પ્રમાણભૂતપણાના આડંબર નીચે જે કાંઇ ઠસાવે તેને તેઓ કાંઇ પણ પ્રશ્ન કર્યા વિના સ્વીકારી લે છે.

સબળ વ્યક્તિત્વવાળા મનુષ્યો જોકે અન્ય બુદ્ધિમાન મનુષ્યોના જ્ઞાનનો લાભ લેવાની તક જવા દેતા નથી અને પોતાને ઇષ્ટ વિષયનો અનુભવ મળે તે સ્થાનમાંથી મેળવવા પ્રયત્નવાન રહે છે, તેમ છતાં તેઓ જેમની પાસે જ્ઞાન અથવા અનુભવ મેળવે છે તેઓના કથનનાં વ્યાજબીપણા કે ગેરવ્યાજબીપણાની કસોટી કર્યા પછીજ તે પ્રતિપાદનને તેઓ સ્વીકારે છે. માત્ર પ્રમાણભૂતપણાના બાહ્યાડંબરથી તેઓ ભૂલથાપ ખાતા નથી, પરંતું પ્રત્યેક વસ્તુને તેની આંતરીક કીમતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધોરણે આંકીને તે પ્રમાણે ગ્રહણ કરે છે. તેઓ બીજાના અભિપ્રાયને સંભાળપૂર્વક તોળીને, માપીને, કસીને, પરીક્ષણ કરીને તેની વાસ્તવ કીમત નકી કરે છે. બહારની સપાટી ઉપર લખેલી કીમત તેમને માન્ય હોતી નથી. અભ્યંતર, અંતર્નિહિત, સાચું મૂલ્ય જ તેમને માન્ય હોય છે.

જીવનની પ્રત્યેક શાખામાં, દુનીયામાં તમે જ્યાં જોશો ત્યાં, આવા 'પ્રમાણભૂત' ગણાતા અમુક મનુષ્યો હોય છે અને તેઓ ઉપર કહ્યા તેવા દ્યોતનના પ્રભાવથી પોતાના અભિપ્રાયો વિશ્વના અંતઃકરણમાં ઠસાવીને ગેરવ્યાજબી લાભ મેળવી જાય છે. એ લાભ ફક્ત ભૌતિક દ્રવ્યનોજ હોય છે એમ નથી. દ્રવ્ય ઉપરાંત કીર્તિ, માન, આબરૂ, ખ્યાતિ, માહાત્મ્ય, પયગમ્બરપણું, આદિ પણ તેઓ દુનીયા પાસેથી મેળવી શકે છે. મનુષ્યો જો પોતાની ન્યાયબુદ્ધિનો ઉપયોગ કરે, અને પોતાના વ્યક્તિત્વને સામાના પ્રભાવમાં અંજાઇ જવા ન દે તો એ દ્યોતનની તેમના ઉપર અયોગ્ય છાપ પડતી નથી. જે પુરૂષોને પોતાના વાસ્તવ સ્વરૂપનું ભાન કોઇ અંશે પ્રાપ્ત થયું છે તેઓનું વ્યક્તિત્વ સબળ થએલું હોય છે. કોઇ પ્રકારના અસત્યથી, ઢોંગથી કે બાહ્યાડંબરથી તેઓ ઠગાતા નથી.

આ વિશ્વમાં કેઇપણ શુભ, અશુભના કોઈ અંશે મિશ્રણ વિનાનું હોતુ નથી એ અમે ભૂલી જતા નથી, છતાં જે કારણોને લીધે આપણી વ્યક્તિત્વની અભિવ્યક્તિ પ્રતિબંધપણાને પામેલી છે, અને આપણે માત્ર અન્યના અભિપ્રાયો અને અન્યજનોએ ઠસાવેલા ઉપદેશોનું સંગ્રહસ્થાન થઈ પડેલા છીએ તે કારણોથી ઉત્પન્ન થયેલો જુજ લાભ તેની પરિણામીક હાનિઓ આગળ કાંઇ હીસાબમાં નથી, એમ તો સ્વીકારવુંજ પડે છે.

બીજાના દ્યોતનને આધિન થવું એ એક પ્રકારની નબળાઈ છે. એ પ્રકારે આધિન બનવામાં તમારી ન્યાય શક્તિનો હ્રાસ થાય છે. તમે પોતે એક પુતલા જેવા બનો છો અને બીજા જેમ આવી ફેરવે એમ તમારી તનમનની ગતિ નિર્માય છે.

પ્રમાણભૂતપણાના દ્યોતન પછી બીજુ દ્યોતન અનુકરણનું છે. જનાવરો અને અલ્પ વિકાસવાળા મનુષ્યોની લગભગ બધી પ્રવૃત્તિ અનુકરણશીલ હોય છે. બીજા જેમ કરે તેમ કરવું એ તેમની પ્રવૃતિનું નિયામક સૂત્ર હોય છે, આવા સમાજનો એક મનુષ્ય અમુક વસ્તુ સબંધે પોતાનો અમુક પ્રકારનો અભિપ્રાય આપે કે તુર્તજ તેની આસપાસના લોકો તેને સ્વીકારી લે છે. અને તે પ્રમાણે સ્વીકારવામાં તેઓ પોતાની ન્યાયશક્તિ કે વિવેક બુદ્ધિને લેશપણ અવકાશ આપતા નથી. એકે કર્યું તેમ બીજો કરવા પ્રેરાય છે, એ બીજાનું અનુકરણ ત્રીજો કરે છે અને એ પ્રમાણે આખુ મંડળ અનુકરણના પ્રવાહમાં જીપલાવે છે. લોકો પોતાના નેતા અને આગે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનોને અનુસરવામાં આ અનુકરણના દ્યોતનને જ આધિન હોય છે. જનાવરોમાં આ અનુકરણ સંજ્ઞાનું એટલુ બધુ પ્રાબલ્ય હોય છે કે એક પશુએ કરેલું આચરણ અન્યને અનુસર્યા શિવાય ચાલતુજ નથી. ઘેટાના ટોળામાંહેનું એક ઘેટુ જો વાડને કુદીને પેલી પાર જાય તો, એ વાડ લઇ લીધા પછી પણ બીજા પાછળના ઘેટાઓ જાણે વાડને કુદવી પડતી હોય એમ કુદીકુદીને ચાલે છે. આમ થવામાં એજ કારણ હોય છે કે તેમનામાં અનુકરણશીળતાની સંજ્ઞા અત્યંત પ્રબળપણે હોય છે, મનુષ્ય સમાજમાં પણ આ પશુપણાના સંસ્કારો હજી બહુધા અવશેષ રહેલા હોય છે અને જેટલે અંશે તે પોતાની બુદ્ધિનો, ન્યાયનો અને વિવેકનો ઉપયોગ કરે છે તેટલે અંશે આ પશુઓને સુલભ એવી સંજ્ઞાથી મુક્ત બનતો જાય છે. આત્મવિકાસની ન્યુનતા વાળા સમાજમાં એકજણે અમુક વાત માની, અથવા અમુક આચરણ કર્યું કે તુર્તજ તેનું અનુકરણ થવા માંડે છે. એક અંતઃકરણની મનોભાવના અથવા આવેગ તુર્તજ અન્યના આંતરિક બંધારણ ઉપર અસર કરી પોતાના સ્વરૂપને અનુસરતા આંદોલનો પ્રગટાવે છે અને તે પ્રમાણે ભાવના અથવા કૃતિનું સ્વરૂપ રચાવે છે. દુનીયામાં ચાલતી બધી પ્રકારની ફેશનો, રીતભાતો, પદ્ધતિઓ આદિ આવા પ્રકારની અનુકરણ સંજ્ઞાથી નિર્માયેલું જોવામાં આવે છે. બીજા કરે તેમ આપણે કરવા પ્રેરાઇએ છીએ. શામાટે તેમ કરવું એનો ખુલાસો આપણે આપણા હૃદય સમક્ષ કરી શકતા નથી. અનુકરણનો ચેપ નબળા મનના મનુષ્યોને તુર્તજ લાગુ પડે છે. રસ્તા ઉપર પાંચ માણસ ભેગા થાય તો તુર્તજ તે ટોળામાં જતા આવતા મનુષ્યો ઉભા રહી ભળતા જાય છે. અને એમ કરતા કરતા ટોળું એટલું મોટું થઇ જાય છે કે આખરે પોલીસને આવી વીખેરી નાંખવું પડે છે. મોટા શહેરોમાં આવા દશ્યો અનેકના અનુભવમાં આવ્યા હશે. એકજણ ટોળામાં ભળ્યો એટલે તેની પછવાડેનો બીજો પણ ભળે છે, અને તેમ કરતાં તેની સંખ્યામાં વધારો થતો જાય છે. બાહ્ય વર્તન ઉપરાંત લાગણી સંબંધે પણ આવો અનુકરણ સંજ્ઞાનો ચેપ ઘણીવાર અનુભવવામાં આવે છે. ચાલતી ટ્રેનમાં એકજણ એમ કહેછે કે ઠંડી ઘણી સખ્ત છે. અને તે સાથે જરા ધ્રુજવા લાગે તો તમામને ટાઢનો આવેગ આવવા માંડે છે અને ઘણાખરા પોતાના ઓઢવાના વસ્ત્રો કાઢવા મંડી જાય છે. એકજણે અમુક સુરમાં ગાવાનું શરૂ કર્યું કે તુર્તજ ઘણાખરા એ સુરના તાનને વશ બની પોતે ગાવા મંડી જાય છે. એકજણને દુષ્કાળ પ્લેગ કે લઢાઇની બીક લાગવા માંડી કે બધાને તેમ થવાનું શરૂ થાય છે. એકજણ આનંદ, ઉત્સાહ કે હાસ્યનો અનુભવ કરે તો આસપાસના મનુષ્યો પણ તેમાં ભળવા માંડે છે. આ પ્રભાવ આપણામાં રહેલી અનુકરણ સંજ્ઞાનો છે. વ્યાપાર ઉદ્યોગમાં, વ્યાવહારીક વર્તનોમાં, સામાજીક રિતરિવાજોમાં અને ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ આ અનુકરણ સંજ્ઞાના જોરથી જનસમાજનો મોટો ભાગ ધકેલાતો જોવામાં આવે છે. તમારો પડોશી જાત્રાએ જવા નીકળ્યો એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમને પણ તેમ કરવાનું દીલ થઇ આવે છે. કારણ કશુંજ નહી માત્ર અનુકરણ કરવાના તમારા વેગને તમે ખાળી શકતા નથી. જ્યારે આપણાં સ્વતંત્ર વ્યક્તિત્વ, આત્મત્વ અને સ્વત્વનો આપણે સાક્ષાત્કાર કરી શકીએ છીએ ત્યારે આ પશુઓને યોગ્ય એવી સંજ્ઞા નીકળી જાય છે. તે પછી આપણે ન્યાય, વિવેક અને બુદ્ધિના વ્યાપારોદ્વારા આપણી પ્રવૃતિને નિયમાવી શકવા સમર્થ થઇએ છીએ. પછી ટોળાની પ્રવૃતિને અનુસરવાના વેગને આધિન થતાં બંધ પડીએ છીએ. મંડળરૂપે એકત્ર થયેલા મનુષ્યો ઉપર આ અનુકરણના દ્યોતનની અસર તુર્તજ થાય છે. મંડળના પાંચ માણસો ઉશ્કેરાય એટલે બાકીના તમામ ઉશ્કેરાઇ જાય છે. એક જણે " હા " કહી કે બીજાબધા " હા "ના સુરમાં પોતાનો સુર મેળવવા મંડી જાય છે એક જણે નકારસુચક માથું ધુણાવ્યું કે તુર્તજ બધા તેમ કરવા લાગી જાય છે. ટોળામાં પ્રગટેલા વેગને આધિન ન થવું એટલી શક્તિ ભાગ્યેજ કોઇમાં જોવામાં આવે છે એમ હોવામાં બીજુ કાંઇજ નહી પણ લોકો પોતાની સ્વતંત્ર બુદ્ધિશક્તિનો ઉપયોગ કરતા થયા નથી. તમે પોતે હવે કયાંસુધી એ ટોળાની ભાવનાને વશ રહેવા માગો છો? બીજાએ કર્યું એટલે તમારે પણ તેમજ કરવું એવી અંધ અનુકરણ સંજ્ઞાને કયાંસુધી અનુસરશો ? એ અનુકરણશીળતાના દ્યોતનરૂપી ગાઢા ધુમસને તમારા પોતાના વિવેકના પ્રબળ પ્રકાશથી વિખેરી નાખવા કટીબદ્ધ બનો. તમારી પોતાની પ્રવૃત્તિ શું હોવી જોઇએ એનો નિર્ણય તમે આસપાસના જનમંડળની પ્રવૃત્તિના ધોરણે નકી કરવાને બદલે તમારો આત્મઅધિકાર જોઇ વિચારી નકી કરો. તમારા વિકાસની હદ, તમારી પ્રકૃતિનું બંધારણ, તમારા સંયોગો બુદ્ધિવિકાસ, એ વિગેરે લક્ષ્યમાં લઇ તમારા આચરણનું સ્વરૂપ ઘડો, તમારા પોતાના સંબધે વિચારવાનું, ન્યાય આપવાનું અને નિર્ણય કરવાનું તમે પોતેજ હાથમાં રાખો.

દ્યોતનનું ત્રીજું સ્વરૂપ આપણા અંતઃકરણમાં ઘણાકાળ પૂર્વેથી ચાલ્યા આવતા વળગણોનું ( associations ) છે. આપણા માંહેના ઘણાખરાએ એમ માની લીધું હોય છે કે, અમુક પ્રકારના પોશાક સાથે અમુક પ્રકારના ગુણો હોવાનું માની લેવામાં આવે છે. આવા પ્રકારના દ્યોતનથી દુનીયામાં અનેક પ્રવંચના અને ઠગબાજીઓ નભી રહેલી જોવામાં આવે છે. આવા દ્યોતનના પ્રચારનો લાભ લઇને ઘણા ધુર્ત મનુષ્યો એવા પ્રકારના બાહ્ય આચરણો, પરિવેશો ધારણ કરે છે, અને ભોળા લોકો તે બનાવટી મુદ્દાને સાચી વસ્તુ રૂપે માની લેવાની ભૂલ કરે છે, ઉપરના દેખાવને અને આભ્યંતર કીમતને કશો ધાતુગત સબંધ નથી. પણ ઘણા કાળથી અમુક બાહ્ય દેખાવ સાથે આપણે અમુક આંતરીક કીંમતને કલ્પેલી હોવાથી તેના પ્રભાવથી આપણે છેતરાઇએ છીએ. પદાર્થ અને પડછાયા વચ્ચેનો ભેદ પારખી શક્તા નથી. બાહ્ય રૂપક અથવા ચિહ્નને ખરી વસ્તુ માની તેવા રૂપે નીભાવીએ છીએ. તે સાથે અમુક પ્રકારની ચેષ્ટાઓ, હાવભાવ, શબ્દો, સ્વરો વિગેરે સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમુક પ્રકારની લાગણીઓને સબંધ હોય છે. વક્તાઓ અને ઉપદેશકોમાં જનમંડળ ઉપર અસર ઉપજાવવાની શકિતનું ગુપ્ત રહસ્ય એમાં રહેલું છે. શ્રોતૃવર્ગમાં જે લાગણી ઉપજાવવા તેમની ઇચ્છા હોય છે તે લાગણી તેઓ કેવા પ્રકારની ચેષ્ટાઓથી, શબ્દોથી અને સ્વરભંગીથી ઉપજાવી શકશે તે તેઓ જાણતા હોય છે, અને ઘોતનને વશ બનેલા સમાજના અંતઃકરણ ઉપર તેઓ ધારેલી લાગણી ઉપજાવી શકે છે, આપણા મનોમય બંધારણ રૂપી હારમોનીયમમાંથી તેઓ ધારે તે સૂર પ્રકટાવી શકે છે. કેમકે કઇ કળમાંથી કયો સૂર પ્રકટે છે તેઓ તે જાણતા હોય છે.

તેજ પ્રમાણે અમુક પ્રકારના બાહ્ય દૃશ્યો અને પદાર્થોને પણ આપણી અમુક પ્રકારની લાગણીઓ અને આવેગો સાથે એવો સંબંધ હોય છે કે તે તે દૃશ્ય અથવા પદાર્થના સદ્ભાવ સાથે તે તે લાગણીઓ અને આવેગોનો આવિર્ભાવ થાય જ છે. વાચક વર્ગને આ વાતના ઉદાહરણોની અપેક્ષા હોવાનું અમે માનતા નથી. કેમકે આપણા નીત્યના જીવનમાં એવી હકીકતનો આપણને સેંકડો વાર અનુભવ થયાજ કરે છે. વિશ્વ રૂપકમય છે. કાળો રંગ શોક સાથે, કાષાય રંગ વિરાગ સાથે, મકાન ઉપરના કળશ અને ધજા દેવાલય સાથે સંકળાએલા જ હોય છે. ટુંકામાં વિશ્વના પ્રત્યેક પદાર્થો આપણા મનમાં અમુક ચોકસ ભાવો સાથે સંબંધ ધરાવતા હોય છે. આ પ્રકારનો બાહ્યનો આંતર સ્વરૂપ સાથેનો સંબંધ જે આપણા મનમાં નિશ્ચે જાય છે તે ઘોતનના પ્રભાવથીજ છે. આપણે જયાંસુધી તેનું સ્વરૂપ સમજીને કસોટીઓની પરીક્ષા કરીને તે ઘોતનની અસર નીવારી શકીએ નહી ત્યાંસુધી આપણું અંતઃકરણ એક નિર્જીવ ફોનોગ્રાફ જેવું યંત્રવત રહે છે. જે પ્રકારનું રેકર્ડ એ ફોનોગ્રાફ ઉપર મુકવામાં આવે તેવો સુર આપણું અંતઃકરણ કાઢે છે.

આ ઘોતનની અસરથી મુક્ત થવાનો રસ્તો એકજ છે અને તે એજ કે એ ઘોતનનું સ્વરૂપ સમજવું. જે નિયમે તે કાર્ય કરે છે તે નિયમ જાણવો. અમુક બાહ્ય પદાર્થ, સંયોગો અથવા રૂપકોથી કોઇ પ્રકારની આંતરીક સ્થિતિનો આપણામાં ઉદ્ભવ થવા ન દેવો. આમ જયારે થશે ત્યારેજ ઘોતનના નિમિત્તો સામે તમે તમારૂં રક્ષણ કરી શકશો અને તમારા આત્માને સમજાવી શકશો કે "આ તો એક પ્રકારનું ઘોતન છે. છેતરાવાની જરૂર નથી." નિયમ સમજ્યા પછી તમે તમારી આસપાસ તમારા આત્મવિકાસને અનુકુળ ઘોતનોના નિમિત્તો રાખી શકશો અને તે દ્વારા તમારામાં જે કાંઇ ઉત્તમોત્તમ વિશિષ્ટતા રહેલી છે તેને બહાર લાવી શકશો. હમેશાં સ્મૃતિમાં રહેવું જોઇએ કે પ્રત્યેક નિયમ બે ધારવાળી તલવાર જેવો છે. સારી અને માઠી બન્ને અસર તે ઉપજાવી શકે છે. પરંતુ નિયમના સ્વરૂપને સમજ્યા પછી તેની વિપરીત અસર સામે આપણે આપણું રક્ષણ કરી શકવા ઉપરાંત, તેમાંથી લાભદાયક તત્વનો આપણા સંબંધે ઉપયોગ કરી શકીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘોતનનો ચોથો પ્રકાર પુનરાવર્તનનો છે. એક ને એક વાત પુનઃ પુનઃ સાંભળવાથી, જોવાથી કે અનુભવવાથી તેને ખરી માન્યા શીવાય ચાલતુંજ નથી. પુનરીકરણ થવાથી એ ઘોતનમાં નવું બળ આવતું જાય છે. તમારા અથવા પારકા સંબંધે તમે એક જુઠી વાત ઘણા માણસોને હમેશ કહેતા રહેશો તો કેટલાક કાળે તે વાત જુઠી હોવાનું તમે પોતે પણ ભૂલી જશો અને તેને સાચા રૂપે માનવા લાગશો. આપણું આંતર મન સંસ્કારોને ગ્રહણ કરવા હમેશા તત્પર રહે છે અને એક વખત તે ગ્રહણ થયા પછી પુનઃ પુનઃ તેના તે સંસ્કારનું સિંચન થાય તો તે સંસ્કાર ઘણો ગાઢ અને પ્રબળ બનતો જાય છે. પોતપોતાના સંપ્રદાયના સિદ્ધાંતોનું સાચાપણું પ્રત્યેક સંપ્રદાયના અનુયાયી વર્ગને સચોટપણે ભાસે છે તેનું કારણ એજ હોય છે કે તેમણે તે સિદ્ધાંતોનું પુનઃ પુનઃ એટલી બધી વાર શ્રવણ કર્યું હોય છે. જાહેરખબર ફેલાવનારાઓ આ ઘોતનના સ્વરૂપને સારી રીતે સમજતા હોય છે તેથી તેઓ એકની એક હકીકત જુદા જુદા રૂપે હમેશ આપણી દૃષ્ટિ તળે લાવે છે, અને હમેશના પરિચયથી એ જાહેરખબરની હકીકતનું ખરાપણું આપણા અંતઃકરણ ઉપર ચોટી જાય છે. "પીઅર્સનો સાબુ સર્વ શ્રેષ્ટ છે" એવી જાહેરખબર ખુણે ખાંચરે હમેશાં ઘણા કાળ સુધી ફેલાવી તેટલાજ કારણથી લોકોમાં તે શ્રેષ્ટ રૂપે સ્વીકારાવા લાગ્યો છે. વાસ્તવીક રીતે તે શ્રેષ્ટ છે કે કેમ તેનો બધા માણસો વિવેકબુદ્ધિથી નિર્ણય કરતા નથી. કેમકે જાહેરખબર ફેલાવનારાઓ એમ સમજે છે કે જનસમાજનો મોટો ભાગ આ પુનરાવર્તનના ઘોતનના ગુલામો છે. રોજ એકની એક વાત તેમના ધ્યાન તળે લાવતા રહેશું તો તેમને તે વાત ખરા રૂપે સ્વીકાર્યા વીના ચાલે તેમ નથીજ.

આ ઘોતનના સ્વરૂપના જ્ઞાનને આપણા આત્મવિકાસ સાથે અત્યંત નિકટનો સંબંધ છે. જ્યાંસુધી આપણે અમુક પ્રકારના નિમિત્તોની અસરને આધિન છીએ ત્યાંસુધી આપણે સ્વતંત્ર નથી પણ પરતંત્ર છીએ. ત્યાંસુધી આપણા વિવેકના (જ્ઞાન) ચક્ષુઓ હજી ઉઘડેલા હોતા નથી. આપણે આપણું સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવવું જોઇએ અને જે પ્રકારના ઘોતનોમાં આપણી ઉન્નતિનો સંકેત રહેલો હોય તેનેજ સ્વીકારવા શીખવું જોઇએ. નિયમને સમજીને તેનો લાભ ઉઠાવવો જોઇએ. અને તેની માઠી અસર થતી હોય તો બચવું જોઇએ. સમાહિત ચિતવાળા યોગી પુરૂષોના અંતઃકરણો, ઉપર વર્ણવેલા ઘોતનને આધિન હોતા નથી. કેમકે તેઓ તેનું સ્વરૂપ સમજેલા હોય છે. નાટકની રંગભૂમિ ઉપર સ્ત્રીનો પોશાક ધારણ કરીને આવેલ પુરૂષની એકટીંગ જેમ વિવેકી પુરૂષોમાં કામભાવ ઉપજાવી શકે નહી તેમ જ્ઞાની પુરૂષોમાં નિમિત્તોનું પ્રબળપણું કશી અસર ઉપજાવી શકતું નથી. આથી તમે તમારૂં સ્વતંત્ર વ્યક્તિત્વ જ્ઞાની પુરૂષોની જેમ પ્રકટાવવા ઉત્સુક બનો. અને નિમિત્તોની અસરના પગલે પગલે ગુલામ થતા બંધ પડો. (અધ્યાયી).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાશ્રયી બનો.

લે,—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

"Self-reliance is the first secret of Success."

EMERSON.

"આત્મ-શ્રદ્ધા અથવા સ્વાશ્રય વિજયનું પ્રથમ રહસ્ય છે."

એમર્સન.

પ્રત્યેક વ્યક્તિમાં સ્વતંત્ર અને સ્વાશ્રયી બનવાની નૈસર્ગિક શક્તિ રહેલી છે; તથાપિ પોતાના પગ ઉપર ઉભા રહેવાની ઉકત શકિતને માત્ર થોડા મનુષ્યોજ કેળવે છે. અન્ય માણસો પર આધાર રાખવાનું, તેઓનું અનુકરણ કરવાનું, બીજાઓને આપણા વતી યોજનાઓ ઘડવા દેવાનું, વિચાર તથા કાર્ય કરવા દેવાનું કાર્ય અત્યંત સ્હેલું છે. આપણા દેશના લોકોનો એક ખાસ દોષ એ છે કે જો કોઇ મનુષ્ય અમુક દિશામાં વા ક્ષેત્રમાં ઉપયોગી નીવડે એવી ઉચ્ચ કોટિની પ્રજ્ઞા ધરાવતો નથી તો તે પોતામાં જે કંઇ રહેલું હોય છે તેનો ઉચિત ઉપયોગ કરવાનું અયોગ્ય ધારે છે.

તમે નેતા અથવા નાયક થવાને જન્મ્યા નથી તેથી આશ્રયી અને પરતંત્ર થવાને જન્મ્યા છો એવો ઘડીભર પણ વિચાર ન કરો. તમારામાં નાયક બનવાને યોગ્ય મહાન ગુણો નથી તેનો અર્થ એમ નથી કે તમારામાં જે કંઇ શકિત ન્યુનાધિક પ્રમાણમાં રહેલી છે તેનો વિકાસ ન કરવો જોઇએ. જ્યાં સુધી આપણે કસોટીના પ્રસંગોમાં મૂકાતા નથી ત્યાં સુધી આપણામાં જે શકિતઓ ગૂઢ રહેલી છે તેનાથી અભણ રહીએ છીએ. જેઓ દેખાવમાં કુદરતી રીતે નાયક થવાને લાયક ન હોય, જેઓએ તેઓના જીવનના આરંભકાળમાં સ્વાશ્રયનું ઝાંખું દર્શન કરાવ્યું હોય છે, એવા લોકો પ્રાંતે મહાન નેતાઓ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હોય છે. આવા નેતાઓ કોઇનું અનુકરણ કરતા નથી; તેઓ જનસમુદાયના વિચારોનું પ્રતિબિંબ માત્ર પાડતા નથી; પરંતુ તેઓ પોતે વિચાર કરે છે. તેઓ પોતાનો કાર્યક્રમ રચે છે અને તદનુસાર કાર્ય બજાવે છે. મનુષ્ય જાતિનો મોટો ભાગ તો વસ્તીપત્રકના આંકડાઓમાં માત્ર વધારો કરે છે; પરંતુ ઘણો થોડો ભાગજ સ્વાશ્રયી હોય છે અને પોતાના સહચારીઓ કરતાં આગળ વધેલો અને વધતો હોય છે.

તમે જે માણસોને જુઓ છો અથવા જેના પરિચયમાં આવો છો તેમાંથી ઘણા ખરા કોઈ અન્ય વ્યકિત અથવા વસ્તુ પર આધાર રાખનારા હોય છે. કેટલાક લોકો પોતાના દ્રવ્ય પર આધાર રાખે છે, તો કોઇ પોતાના મિત્રો પર આધાર રાખે છે. કેટલાક લોકો પોતાની પદવી અથવા સામાજીક સંસ્થિતિ પર આધાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખી રહેલા હોય છે. પરંતુ આપણે ભાગ્યેજ એવા કોઇ માણસને જોઇએ છીએ કે જે પોતાના પગ ઉપરજ ઉભો રહે છે; જે પોતાના ગુણો ઉપર આધાર રાખી જીવન વહન કરતો હોય છે અને જે સ્વાશ્રયી હોય છે. જે લોકોએ આપણને સ્વાશ્રયી થતા અટકાવી દીધા હોય છે તેવા લોકોને આપણે ભવિષ્યજીવનમાં કદિ ક્ષમા આપી શકતા નથી; કેમકે તેઓએ આપણો જન્મહક્ક છીનવી લીધો છે. અમુક કાર્ય કેવી રીતે કરવું તે જ્યારે બાળકને તેનો પિતા સમજાવે છે ત્યારે તેને પૂર્ણ સંતોષ થતો નથી; પરંતુ જ્યારે તે પોતે કાર્ય કરવામાં વિજયી નીવડે છે ત્યારે તેનો ચ્હેરો અનહદ આનંદથી હસતો જોઇએ છીએ. વિજયની આ નવીન લાગણીથી સ્વમાન અને સ્વાશ્રય દિવસાનુદિવસ વૃદ્ધિંગત થાય છે.

કૉલેજની કેળવણી વ્યવહારિક શક્તિઓને વિકસાવવામાં સહાયભૂત થતી નથી. તે કારીગરોને માત્ર ઉપકરણોજ પૂરા પાડે છે. આ ઉપકરણોનો સદુપયોગ કરવાનું તેણે અનુભવની પાઠશાળમાં શીખવું જોઇએ. કેમકે અનુભવની પાઠશાળાથીજ મનુષ્યનું ચારિત્ર્ય વિકસ્વર થાય છે અને મનુષ્ય પોતાના કાર્યમાં વિજય પ્રાપ્ત કરવાની કળા શીખે છે. શિષ્યોને સ્વાશ્રયી બનવાનું, તેઓની આત્મશક્તિનું નિરૂપણ કરવાનું અને પોતામાં શ્રદ્ધા રાખવાનું શિખવવામાં શિક્ષકનું શિક્ષકત્વ અને ગૌરવ છે. આમ કરવાથી તે ભવિષ્યની પ્રજાની એક પ્રકારની મહાન સેવા બજાવે છે. જે યુવક સ્વાશ્રયી બનવાને યત્ન કરતો નથી તે જીવનમાં વિજય પ્રાપ્ત કરવાને અશકત નીવડે છે. પોતાને અન્ય મનુષ્યો દ્વારા મળતી સતત સહાય્યથી ચિરસ્થાયી લાભ થશે એમ માનવામાં મનુષ્યો મોટી ભૂલ કરે છે. તેવી માન્યતા એક પ્રકારનો ભ્રમ છે.

પ્રત્યેક યોગ્ય મહત્વાકાંક્ષાનું અંતિમ લક્ષ્યસ્થાન સામર્થ્ય અથવા શક્તિની પ્રાપ્તિ હોય છે, અને અનુકરણ અથવા પરતંત્રતાથી દૌર્બલ્યની પ્રાપ્તિ થાય છે. શક્તિ હમેશાં સ્વોત્પન્ન અને સ્વવિકસિત હોય છે, કેમકે કસરતશાળામાં બેસી રહેવાથી અને આપણા વતી બીજા માણસોને કસરત કરવા દેવાથી આપણા શારીરિક બળમાં વધારો થઇ શકેજ નહિં. બીજા લોકો પર આશ્રય રાખવાની ટેવથી પોતાના પગ ઉપર ઉભા રહેવાની શક્તિનો જેટલો હ્રાસ થાય છે તેટલો અન્ય કશાથી થતો નથી. જો તમે બીજા ઉપર આધાર રાખતા હશો તો તમે કદિ સામર્થ્યવાન અથવા પ્રયોજક બની શકશો નહિં. તમારા પોતાના પગ ઉપર ઉભા રહેતા શીખો, અથવા જગતમાં મહાન થવાની તમારી મહેચ્છાને સદાને માટે દાટી દો.

પોતાનાં બાળકોને ભવિષ્યમાં મુશીબતો વેઠવી ન પડે એવા હેતુથી જે માણસો બાળકોને આબાદ ક્ષેત્રમાં મુકવાનો પ્રયાસ કરે છે તેઓ તેઓને અજાણપણે જોખમ અને આફત ભરેલા પ્રસંગોમાં મૂકે છે. આથી તે બાળકો જગતમાં આગળ વધવાને બદલે પાછા હઠશે એવો પૂરેપૂરો સંભવ રહે છે. જેટલું બળ બીજા પાસેથી મેળવી શકાય તેટલું મેળવવાને યુવાન માણસો યત્ન કરે છે. તેઓ સ્વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવિક રીતે અનુકરણ કરનારા અને બીજા ઉપર આધાર રાખનારાજ હોય છે, અને તેઓ હંમેશાં તેવાજ રહેશે એમાં લેશ પણ સંદેહ નથી. જ્યાંસુધી તેઓને અવલંબન પુરૂં પાડવામાં આવે છે, ત્યાંસુધી તેઓને એકલા સ્વતઃ ચાલવાની વૃત્તિ થશે નહિં અને જ્યાંસુધી તમે તેઓને તમારા પર આધાર રાખવા દેશો ત્યાંસુધી તેઓ તમારી પર આધાર રાખતા અટકશે નહિ. જાતમહેનત અને સ્વાશ્રયથીજ બલ અને શકિતઓનો સદા વિકાસ થાય છે.

આપણે જાતે પરિશ્રમ લેવાની જરૂર નથી, કેમકે આપણા માટે બીજા માણસો સઘળું કાર્ય કરે છે એવી લાગણી થવાથી અવિચ્છિન્ન યત્નમાં ભંગ પડે છે અને જાતમહેનત તથા સ્વાશ્રયનો સદંતર નાશ થાય છે. સંપૂર્ણતઃ નિરોગી શરીર સંપત્તિ ધરાવનારા યુવકોને બાહ્ય સહાય્યને માટે તિવ્ર ઇચ્છા રાખી બે હાથ જોડીને ઉભેલા જોતા અત્યંત ખેદ થાય છે.

તમારા પરિચયમાં આવનારા માણસોમાંથી કેટલા બધા કંઇક વસ્તુને માટે સર્વદા રાહ જોયા કરે છે તેનો તમે કદિ વિચાર કર્યો છે? તેમાંના ઘણાખરાને તો તે વસ્તુ કયી છે તેનું પણ જ્ઞાન હોતું નથી, છતાં પણ તેઓ કંઇક વસ્તુને માટે નિરંતર તલસ્યા કરે છે, ગમે તે રીતે તે 'કંઈક' તેઓના પ્રતિ ખેંચાઈને આવશે, સંજોગોનો સુખદ સુયોગ થશે, એવું કંઇક બનશે કે જે વડે પોતાને માટે માર્ગ ખુલ્લો થશે, કોઈ તેઓને સાહાય્ય કરશે કે જેથી કરીને કેળવણી, ભવ્ય તૈયારી અથવા સાધનો વગર તેઓ કોઇ પણ રીતે પ્રગતિમાન થઇ શકશે એવા એવા અનેક અનિર્દિષ્ટ વિચારો તેઓનાં હૃદયમાં સર્વદા રમ્યા કરતા હોય છે. કેટલાક લોકો પિતા તરફથી, ધનવાન પિતૃવ્ય અથવા માતુલ તરફથી, અથવા કોઇ દૂરના સંબંધી તરફથી પ્રાપ્ત થનાર દ્રવ્યરૂપ સાહાય્યની રાહ જોતા હોય છે. વળી કેટલાક લોકો પોતાને સહાયભૂત થવાને ગહન ભાગ્ય યોગ, પ્રેરણા અથવા પ્રોત્સાહનની પ્રતીક્ષા કરી રહ્યા હોય છે. જે મનુષ્યોને અન્ય લોકો તરફથી કોઈ પણ પ્રકારની મદદની, પ્રેરણાની અથવા સંપત્તિની રાહ જોવાની ટેવ પડી હોય છે એવા લોકો જગતમાં કોઇ પણ ઉપયોગી કાર્ય કરવા શક્તિવાન થઇ શકતા નથી.

જે મનુષ્ય પોતાની જાતને બાહ્ય સહાય્યથી રહિત કરે છે, જે પોતાના અવલંબનને ફેંકી દે છે, અને કેવળ પોતાના ઉપર જ આધાર રખે છે તેને જ વિજયી બનવાનું સુભાગ્ય પ્રાપ્ત થાય છે. સ્વાશ્રયરૂપી કુંચીથી વિજયપ્રાસાદનું દ્વાર ઉઘાડી શકાય છે. સ્વાશ્રયથી જ સ્વશક્તિનો આવિર્ભાવ અને વિસ્તાર થાય છે. અન્ય માણસો તરફથી સહાય્યની આશા રાખવાની ટેવથી વિજયપ્રસાદના મુખ્ય આધારભૂત સ્વાશ્રયનો ઉચ્છેદ થાય છે. એક મહાન કંપનીના મુખ્ય કાર્યવાહકે હમણાં જ મને કહ્યું હતું કે હું મારા પુત્રને બીજા ધંધામાં જોડવા યત્ન કરૂં છું કે જ્યાં તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કઠિન સંયોગોમાંથી પસાર થવું પડે. તેણે પોતાના પુત્રને પોતાની સાથે જોડવા ઇચ્છયું નહિ, કેમકે તેને ભય લાગ્યો કે તે કદાચ તેનાપર આધાર રાખે અથવા તેના તરફથી ખાસ મહેરબાનીની આશા રાખે.

જેઓને પોતાના પિતા તરફથી અતિશય પરિપોષણ મળે છે, જેઓને ઇચ્છાનુસાર વર્તવાની છુટ આપવામાં આવે છે તેઓ ભાગ્યે જ અતિ ઉપયોગી કાર્યો કરી પ્રકાશમાં આવી શકે છે. સ્વાશ્રયના નિરંતર થતા વિકાસથી જ બળ અને શ્રદ્ધા નિષ્પન્ન થાય છે. સ્વાશ્રયથી જ વિજય પ્રાપ્ત કરવાની શક્તિનો તથા સંગીન કાર્ય કરવાની શક્તિનો વિકાસ થાય છે. બાળક પોતાના પિતાપર આધાર રાખી શકે છે અથવા પિતા તરફથી ખાસ મહેરબાનીની આશા રાખી શકે છે એવા સ્થળે તેને મૂકવો એ જોખમ ભરેલું છે. આપણે જાણીએ છીએ કે આપણે ડુબશું નહિ એવા અગાધ જલમાં તરતાં શીખવાનું શું મુશ્કેલી ભરેલું છે? જે સ્થળે જલ વિશેષ ઉંડું હોય છે, જ્યાં તરવાની વા ડુબવાની જરૂર પડે એવું હોય છે. એવા સ્થળમાં તરવાનું વિશેષ ત્વરાથી શીખી શકાય છે. સંભવિત હોય ત્યારે આધાર રાખવો અને અગત્ય જણાય નહિ ત્યાંસુધી કાર્ય ન કરવું એ માનુષી સ્વભાવ છે, આપણા જીવનમાં 'જોઇએ' શબ્દથી આપણામાં રહેલી સર્વોત્કૃષ્ટ શકિતઓ ઉત્તેજીત થઇ બહાર આવે છે.

પોતાના પિતા તરફથી હમેશાં સાહાય્ય મળતી હોય છે ત્યારે જે બાળકો અતિ ઉપયોગના થતા નથી તેઓને જ્યારે પોતામાં રહેલી સામગ્રીપર આધાર રાખવાનું કહેવામાં આવે છે, જ્યારે તેઓને કાર્યમાં સફલતા વા નિષ્ફલતા મેળવવાની જરૂર પાડવામાં આવે છે, ત્યારે તેઓ અલ્પ સમયમાં આશ્ચર્યભૂત શકિત અથવા બલ બતાવે છે એ સમાન્ય અનુભવનો વિષય છે, જે ક્ષણે તમે બીજા લોકો તરફથી સાહાય્ય મેળવવાનો યત્ન કરવાનું ત્યજી દેશો, સ્વતંત્ર સ્વાશ્રયી બનવાનો યત્ન કરશો કે તરતજ વિજયના માર્ગપર તમારૂં પ્રયાણ શરૂ થશે. તમે બાહ્ય સાહાય્યનો બહિષ્કાર કરશો કે તેજ ક્ષણે તમને અનનુભૂત અને અપૂર્વ બલની સહજ પ્રાપ્તિ થશે.

આ જગતમાં સ્વમાન કરતાં કોઇ વસ્તુને વિશેષ મૂલ્યવતી લેખવામાં આવતી નથી. અને બાહ્ય સાહાય્ય મેળવવાના પ્રયાસમાં તમે અત્ર તત્ર ભમ્યા કરશો તો તમે તમારૂં સ્વમાન જાળવી શકવાના નથી એ ચોક્કસ છે. • તમે સ્વાશ્રયી બનવાનો અને તમારી જાતને સ્વતંત્ર સ્થિતિમાં મૂકવાનો નિશ્ચયાત્મક સંકલ્પ કરશો તો તમે તમારી જાતને અપરિમિત નૂતન ચૈતન્ય અને બલથી સમન્વિત થયેલી આ-અત્યલ્પ સમયમાં જોવા સુભાગી થશો. બાહ્ય સાહાય્ય કવચિત્ આશીર્વાદરૂપ ભાસે, પરંતુ વસ્તુત: તે સ્વશકિત વિનાશક શાપ સમાન છે. જે લોકો તમને દ્રવ્યની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહાય્ય કરે છે તેઓ તમારા સાચા મિત્રો નથી; પરંતુ જેઓ તમને તમારા પોતાના ઉપર આધાર રાખવાની, તમારી પોતાની શક્તિપર ઝઝુમવાની, તમારી પોતાની જાતને સહાયભૂત થવાની આગ્રહયુક્ત જરૂર પાડે છે તેઓને જ તમારા ખરેખરા સુહૃદય સમજો. ( અપૂર્ણ. )

# જૈન બન્ધુઓને ખાસ ઉપયોગી સૂચનાઓ,

ઘણાએક જુના પુરાણા વખતથી દયાળુ જૈનો પાંજરાપોળો સ્થાપીને ખોડાં, અપંગ અને અનાથ એવા પશુઓનું પાલન કરતાં આવ્યા છે અને જો કે પ્રથમ કરતા અત્યારની તેમની આર્થિક સ્થિતિ એટલી બધી સારી નથી તેમાં એકંદર ઘણોજ ઘટાડો થયેલો જણાય છે તો પણ તેઓ લાજે શરમે નહિતો દયાની ખાતર પણ માની લીધેલા અને માથે પડેલા એ બોજાને ખેંચ્યાં કરે છે. એટલુંજ નહિ પણ પર્યુષણાદિ પર્વ પ્રસંગે પુષ્કળ દ્રવ્યના ઉઘરાણા કરી કસાઇ લોકો પાસેથી પણ ઘણાએક પશુ પંખીઓને છોડાવી પાંજરાપોળમાં મૂકી તેના ખર્ચમાં ઓર વધારો–કાર્યો કરે છે, આ બધાય ખર્ચોને તેમજ બીજા કંઇક આગંતુક ખર્ચને તેઓ ગમે તે રીતે પહોંચી વળે છે. મિષ્ટાન્ન માલ જમવા પાછળ લાખોના ખર્ચ તેમજ નાના મોટા મહોચ્છવ નિમિત્તે પણ અઢળક ખર્ચ કરાય છે. આમ છુટી છવાય અનેક દિશાઓમાં જૈનોનાં દ્રવ્યનો પુષ્કળ વ્યય થાય છે. પરંતુ સ્વ સમાજનો ઉદ્ધાર થાય, સમાજની સ્થિતિ સર્વ રીતે સુધરે અને જે જૈન સમાજે પ્રથમ જાહોજલાલી કરી બતાવી પોતાનું એક છત્ર રાજ્ય સ્થાપ્યું હતું. તેવીજ નહિતો તેની કંઇ ઝાંખી થવા પામે એવી સમાજની સ્થિતિ સુધારવા માટે હવે જૈનોએ વિચાર પૂર્વક વિવેકથી ખાસ જરૂરી દિશામાંજ દ્રવ્યનો વ્યય કરવો જોઇએ. પાંજરાપોળો પાછળ બે સુમાર દ્રવ્યનો અને વખતનો વ્યય કરવા ઉપરાંત તનતોડ મહેનત કરવામાં આવે છે. તેમ છતાં તેના સાધ્ય અને હેતુનું અચોક્કસપણું રહી જવાથી તથા વ્યવસ્થાની પૂરેપુરી ખામીથી તેનાથી ભાગ્યેજ કોઇને સંતોષ ઉપજતો હશે. બાકી તેના જે પરિણામો વખતો વખત બહાર આવતાં સંભળાય છે, તેથી ખેદતો અનેક સહૃદય જનોને પેદા થતો હશેજ. તે પશુ પંખીઓ કરતાં અસંખ્ય ગુણી ચઢતી પંક્તિના લેખાતા મનુષ્યો તરફ એટલી અનુકંપા કેમ દાખવવામાં આવતી નથી ? સામાન્યતઃ માનવજાતમાં પશુ કરતાં વધારે સમજ ગુણની કદર અને સદગુણનું અનુકરણ કરવા શકિત રહેલી છે તેની કોણ ના કહી શકશે ? જો સીદાતી સ્થિતિમાં આવી પડેલા સકળ માનવો ઉપર અનુકંપા કરવાનું બની ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે તો તેમાંના ખાસ આસ્તિકવર્ગ ઉપર અને તેમ પણ બની ન શકે તો સ્વધર્મી બંધુઓ ઉપર અનુકંપા શા માટે નથી આવતી ? જો કંઇ આવે છે તો તે પશુ પંખીઓ ઉપર આવે છે એટલી બધી આવે છે ? તેમાં જેમ સહુ જૈનીઓ સ્વસ્વ શકિત અનુસારે ભાગ રસભેર લે છે તેમ આ સ્વધર્મી બંધુઓની સ્થિતિ સુધારવા અને તેમને ઉંચી પંકિત ઉપર મૂકવા લે છે ખરા ? નહિજ. તો તેમનામાં શ્રાવક યોગ્ય શ્રદ્ધા, વિવેક અને કરણી રહેલી શી રીતે માનવી ? ખરૂં જોતાં તો સ્વધર્મી બંધુઓ પ્રત્યે કેવળ અનુકંપા-દયાજ નહિ પણ પૂર્ણ પ્રેમ ભકિત ભાવવાળુ વર્તન રાખી તેમનો ઉદ્ધાર કરવા કટિબદ્ધ રહેવું જોઇએ તોજ શ્રાવકપણાની સફળતા થાય તેમ છે.

ઇતિશમ્.

## પાંજરાપોળ પ્રમુખ જીવ દયાની સંસ્થાઓ આશ્રી કંઇક

આ સંબંધમાં કંઇક વ્યવહારૂ સૂચના કરી શકાય એમ છે. લૂલાં લંગડાં અપંગ કે કેવળ અશકત પશુઓનેજ પાંજરાપોળમાં જરૂરી રક્ષણ મળે. સશકત કે સબળ જાનવરોનો ખાસ તથાપ્રકારના દુષ્કાળાદિક કારણ વગર સંગ્રહ ન કરાય તેમાં પણ યોગ્ય વ્યવસ્થા અવશ્ય હોવી જોઇએ. રક્ષણ માટે રાખેલા જાનવરોનો વ્યવસ્થાની ખામીથી નકામો વિનાશ થવો ન જોઇએ. વ્યવસ્થાની ખામીથી પૈસાનો ખર્ચ પણ નકામો થવા ઉપરાન્ત લોકવિશ્વાસ ભંગ થવા પામે છે, કેમકે લોકો જે પૈસા આપે છે તે તેનો સદુપયોગ કરવા માટેજ; તે તેમજ થવો જોઇએ એટલુંજ નહિ પણ આવાં કામ સહુ જૈન તેમજ જૈનેતર સમુદાયની સરખી દીલસોજીથી વિવેકપૂર્વક ચાલે એમ સારૂં. આ ઉપરાન્ત જૈનોએ બીજુ ઘણુંએક મહત્વનું કાર્ય પોતાનાજ પગ ઉપર ઉભા રહીને કરવાનું હોય છે. તે માટે પુષ્કળ નાણાંની જરૂર છે. જૂદી જૂદી જાતની જરૂરી કેળવણીનો જૈન આલમમાં બહોળો પ્રચાર કરવાની અનિવાર્ય જરૂર છે. તેમાં સહુ જૈનબંધુઓએ ઉદાર દીલથી ભોગ આપવો જોઇએ એમ કરવાથી બહુ સુંદર ફળ-પરિણામ મેળવી શકાશે અને ઘણાએક બીજાં સારાં કામ પણ એથી એનાયાસે સાધી શકાશે.

ઇતિશમ્.

લે૦—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

## જૈન સમાજની દાઝ હૈયે ધરનારને બે બોલ.

જૈન શ્વેતાંબરોની બહોળી વસ્તી કાઠીયાવાડ તથા ગુજરાતના જૂદા જૂદા વિભાગોમાં બહોળે ભાગે વસેલી જણાય છે, તેમજ કચ્છ-વાગડ અને મારવાડ તથા માળવા તરફ પણ જૈનોની પુષ્કળ વસ્તી આવેલી છે. ચાલુ વર્ષમાં વૃષ્ટિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખામીથી ઘણા જૈન કુટુંબો એક અથવા બીજી રીતે કફોડી સ્થિતિમાં આવ્યા હશે તેમાં પણ હદ ઉપરાંત રોગચાળા અને મોંઘવારીની હાડમારી તો જૂદીજ. આવી ભયંકર સ્થિતિમાં ઉદાર શ્રીમંતોએ પોતાના પુન્યોપાર્જિત દ્રવ્યનો સદુપયોગ કરવો ઉચિત જ લેખાય. જેમના આધારે અનેક ધર્મકાર્યો અવલંબી રહે છે તે જૈન કુટું-બોનાં જીવન ટકાવી રાખવા સુજ્ઞજનોએ દીર્ઘદ્રષ્ટિ વાપરી યોગ્ય પ્રબંધ કરવો જોઇએ. આનંદજી કલ્યાણજીની પેઢીમાં તેમજ અન્યત્ર જ્યાં જ્યાં આવા ખાતામાં વાપરી શકાય એવી રકમો અનામત કે વ્યાજે પડી હોય તેનો વખતસર ઉપયોગ કરવામાં ન આવે તો પછી તે રકમો શા કામની! વ્યાજ ઉપજાવી મૂળમાં વધારો કરી ખુશી થવા જેવી ખોટી વાણીયા વિદ્યા તજી દઇ, વ્યાજ સહિત મૂળ પણ અણીના વખતે વિવેકથી ખર્ચી તે મૂળના મૂળરૂપ (જીવન) ને ટકાવી રાખવા પ્રયત્ન કરવો જોઇએ એનુજ નામ ખરૂં ઉત્પાદક દ્રવ્ય કહી કે લેખી શકાય. અમૂલ્ય જીવનો નષ્ટ થયા પછી દ્રવ્યના ગમે તેટલા ઢગ હોય તોપણ તે શા કામના ગણાય? અરે પશુઓ કરતાં અસંખ્યગણું ઉપયોગી મનુષ્યજીવન ટકાવી રાખવા જરૂર જૈનબંધુઓએ પોતપોતા-થી બનતી મદદ કરવી જોઇએ.

લે૦–મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ

## પ્રકીર્ણ.

આપણા પરમપૂજ્ય પવિત્ર આબુ તીર્થના આપણા ભવ્ય દેવાલયોમાં કોઇ પણ શખ્સ બુટ પહેરીને પ્રવેશ ન કરી શકે તેવો ઠરાવ તે પ્રદેશના એજંટ ટુ ધી ગવરનર મી૦ કોલવીન સાહેબે તે વખતના નામદાર વાઇસરોયની પરવાનગીથી કરી આપેલો છતાં તેજ ઠરાવનું ઉલંઘન કરી હાલના ત્યાં આવેલા મે. એજંટ ટુ ધી ગવરનર અને એક બીજા યુરોપીયન અધિકારીએ બુટ સહિત દેરાશરમાં પ્રવેશ કર્યો છે એવા ખબર સર્વત્ર ફેલાતા સમગ્ર જૈન કોમની લાગણી અત્યંત દુખાણી છે. આ સંબંધમાં મુંબઇ જૈન કોનફરન્સ ઓફીસ તરફથી નામદાર વાઇસરોય સાહેબ ઉપર તાર કરવામાં આવ્યો છે. દરેક ગામના જૈન સંઘોએ તે બાબતમાં પોતાની સહાનુભૂતિ તારપત્ર દ્વારા જણાવવાની જરૂર ખાસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

**૧–કર્મગ્રંથ પહેલો, ૨–કર્મગ્રંથ બીજો, ૩–ચીકાગો પ્રશ્નોતર (ઇંગ્લીશ)** ૪–Some Distinguished Jain—આ ચાર ગ્રંથો શ્રી આત્મારામજી જૈન પુસ્તક પ્રચારક મંડળ–આગ્રા તરફથી ભેટ મળ્યા છે. પ્રથમના બંને ગ્રંથો કર્મગ્રંથ વિષયના છે, જે મૂળ સાથે હીંદીમાં ભાષાંતર છે. બંગાળા–મારવાડ અને પંજાબ દેશ કે જ્યાં ગુજરાતી ભાષાના અપરિચિત જૈન બંધુઓ હોવાથી હિંદીમાં ભાષાંતર આપી તેની જરૂરીયાત પુરી પાડી છે. હાલમાં આ સંસ્થા આવા અનેક તત્ત્વજ્ઞાનના ઉપયોગી ગ્રંથો હિંદી ભાષામાં પ્રગટ કરી જૈન સાહિત્યને પ્રકાશમાં લાવે છે. પ્રથમ કર્મગ્રંથમાં કર્મવાદનું મન્તવ્ય, કર્મવાદ ઉપર થનારા આક્ષેપો અને તેનું સમાધાન, વ્યવહાર અને પરમાર્થમાં કર્મવાદની ઉપયોગીતા, કર્મવાદનો સમુત્થાનકાળ અને તેનો સાધ્ય, કર્મશાસ્ત્રનો પરિચય, કર્મશાસ્ત્રમાં શરીર, ભાષા ઇન્દ્રિય આદિપર વિચાર, કર્મશાસ્ત્રનો અધ્યાત્મશાસ્ત્રપન, અને વિષયપ્રવેશ એ વિષયો ઉપર અનુવાદકે ઘણુંજ સરલ અને જાણવા યોગ્ય વિવેચન કર્યું છે, કે જેનું વાંચન કર્યા પછી ગ્રંથમાં પ્રવેશ કરનારને ઘણી સુગમતા થાય છે. ભાષાંતરમાં ગાથાના અર્થ સાથે ભાવાર્થ આપવાથી સમજનારને કે વાચકને સહેલાઇથી જ્ઞાન થાય છે. છેવટે શ્વેતાંબર તથા દિગમ્બર સમુદાયના કર્મગ્રંથોમાં કયાં કયાં ફરક છે તે પણ બતાવ્યું છે અને ત્યારબાદ આ ગ્રંથમાં આવેલ પારિભાષિક શબ્દનો કોષ પ્રાકૃત–સંસ્કૃત અને હિંદિ એ ત્રણ ભાષામાં આપવામાં આવ્યો છે અને કર્મ વિષયક ગ્રંથો શ્વેતામ્બર સમાજમાં કયા કયા હાલ પ્રચલિત છે તે જણાવી પ્રથમ કર્મગ્રંથનું પુસ્તક સંપૂર્ણ કર્યું છે.

બીજા કર્મ ગ્રંથમાં પ્રથમ ગુણસ્થાનનું ટુંક સ્વરૂપ આપી ગ્રંથની શરૂઆત કરી છે, જેમાં કેટલાક યંત્રો પણ આપવામાં આવ્યાં છે. આ ગ્રંથમાં પણ છેવટે ઉપર મુજબ શબ્દ કોષ આપવામાં આવ્યો છે. આ ગ્રંથમાં દરેક સ્થળે અર્થ સાથે ભાવાર્થ આપી બહુજ સ્ફૂટ ભાષાંતર કરવામાં આવેલ છે અને બંને ગ્રંથમાં છેવટ મૂળ ગાથાઓ પણ આપવામાં આવેલ છે. નવીન પદ્ધતિ પ્રમાણે કરવામાં આવેલ આ ભાષાંતર ઘણુંજ સરલ થયેલ હોવાથી તત્વજ્ઞાનના ગ્રંથોનું આવી પદ્ધતિપર ભાષાંતર કરવામાં આવે તો જનસમાજને બહુજ ઉપયોગી થાય એમ અમો માનીયે છીયે.

૩ ત્રીજો ગ્રંથ ચિકાગો પ્રશ્નોત્તર જે કે શ્રીમાન વિજયાનંદસૂરિની કૃતિનો આ ગ્રંથ હિંદિમાં છપાયેલ છે, જેનું આ ઇંગ્લીશમાં ભાષાંતર છે. જૈનતર કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુરોપી પ્રજાની દષ્ટિએ આવા ગ્રંથો આવે તે ઇચ્છવા યોગ્ય હોવાથી આવા બીજા ગ્રંથોના ઇંગ્લીશ ભાષાંતરો થવાથી જૈનદર્શનની મહત્વતા જૈનેતર દર્શનોમાં વધે અને જૈનદર્શનના વિશાળ સાહિત્ય માટે તેઓ આશ્ચર્ય થાય તે સ્વભાવિક છે.

૪ ચોથો ગ્રંથ કેટલાક પ્રસિદ્ધ પુરૂષોના જીવનવૃત્તાંત ટુંકમાં ઇંગ્લીશમાં આપવામાં આવેલ છે. જેમાં કેટલાક પુરૂષોના જીવનવૃત્તાંત પ્રસિદ્ધ અને કેટલાક જેવા કે ભામાશાહ, રત્નસીંહભંડારી, અજમેરના પ્રખ્યાત ધનરાજજી, અમરચંદજી સુરાણા વગેરે પ્રખ્યાત પુરૂષોના ચરિત્ર જે કે નવીન છે. જૈનોમાં પ્રખ્યાત પુરૂષોના આ ચરિત્રો જૈન કોમને અનુકરણ કરવા યોગ્ય અને જૈનેતર કોમમાં તે જાણ થવાથી જૈન કોમની મહત્વતા દેખાડનારા છે. આવી રીતે આ ચારે ગ્રંથોની આ સંસ્થાએ કરેલ પ્રસિદ્ધિ ઉપયોગી હોવાથી જૈન સાહિત્યની વૃદ્ધિ થઇ છે. અમો આ કાર્ય માટે તેના કાર્યવાહકોને ધન્યવાદ આપવા સાથે તેમના કાર્યની અભિવૃદ્ધિ ઈચ્છીયે છીયે.

---

શ્રીમાન મૂળચંદજી મહારાજના સુશિષ્ય

## આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરિજીનો સ્વર્ગવાસ.

ઉક્ત શ્રીમાન આચાર્યમહારાજ સુરત તાબે બારડોલી ગામમાં ટુંકા દિવસની બીમારી ભોગવી આ માશની શુદ ૧૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. આ મહાત્મા ઘણા વર્ષોના દિક્ષીત હોવા સાથે ક્રમસર પંન્યાસપદવી ગ્રહણ કર્યા પછી બે વર્ષ પહેલાં આચાર્યની પદવી પ્રાપ્ત કરેલી હતી. લઘુવયમાં ચારિત્ર ગૃહણ કર્યું હતું અને બાળબ્રહ્મચારી હતા. ચારિત્ર પાળવામાં ઉત્સુક અને ક્રિયાપાત્ર હતા. સ્વભાવે શાંત, હૃદય નિષ્કપટ, મીલનસાર અને સરળ હતા, દરેક સ્થળે વિહાર કરી સતત ઉપદેશ કરતા હતા. આવા એક મુનિરત્નની જૈન કોમને ખરેખર ખોટ પડી છે. જેને માટે આ સભા અત્યંત ખેદ જાહેર કરે છે. આ મહાત્માના પવિત્ર આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીયે છીયે.

---

## શ્રીમાન્ મુનિમહારાજશ્રી ભક્તિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિના શિષ્ય શ્રીમદ્ પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજ ભાવનગરમાં ચાલતા માસની શુદ ૩ મંગળવારની રાત્રિના સવાઅગીયાર વાગે સ્વર્ગવાસ પામ્યા છે. મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજ સંસારીપણે વળાના વતની અને ખાનદાન મહેતા કુટુંબના નબીરા હતા. બાલ્યાવસ્થાથી વૈરાગ્યવાસના ઉત્પન્ન થવાથી લઘુવયમાં એટલે સં. ૧૯૪૩ ની સાલમાં શ્રીમાન્ વિજયાનંદસૂરિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે ચારિત્ર ગ્રહણ કર્યું હતું. અને પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય થયા હતા. તેઓશ્રી બાળબ્રહ્મચારી હોવા સાથે દિક્ષાપર્યાય પણ ૩૧ વર્ષનો હતો, તેઓશ્રીએ છેવટ સુધી શુદ્ધ ચારિત્ર પાળવા સાથે ચારિત્રની ક્રિયામાં પણ ઉત્સુક હતા. આ મહાત્મામાં અસાધારણ ગુણ એ હતો કે કોઇ પણ આબાળ, વૃદ્ધ, ગ્લાન વગેરે કોઇ પણ મુનિરાજની હૃદયપૂર્વક વૈયાવચ્ચ કરતા હતા અને ગમે તેવા સંયોગોમાં પણ મીલનસાર થઇ જતા હતા. વૈયાવચ્ચ કરવાથી તીર્થંકર ગોત્ર બંધાય છે એમ શાસ્ત્રકારે જેમ કહ્યું છે તેમ તેઓ કહેતા હતા. જે સમુદાયના મુનિરાજો શ્રીમાન્ આત્મારાજી મહારાજના સમુદાયની સાથે અમુક વ્યવહાર રાખતા નહે તા—સંબંધમાં આવતા નહોતા તેવા મુનિરાજોની પણ અંત વખતે વૈયાવચ્ચ સારવાર કરી સાથે રહી તેઓની સાથે પણ મિલનસારપણું બતાવેલું જાહેર છે. કેટલાક ગામો કે જ્યાં દેવદ્રવ્યનું દેવું હતું તે તે ગામના સમુદાયને ઉપદેશથી પોતાની જાતમહેનતથી દેવદ્રવ્યનું રક્ષણ કરી તેમાંથી મુક્ત કરાવ્યા હતા.

જ્ઞાનોદ્ધાર ઉપર અસ્ખલિત પ્રેમ હતો જેને લઇને પ્રાચિન ગ્રંથો, હસ્તલિખિત પ્રતો, છાપેલા ગ્રંથો વગેરેનો પોતાના ઘણા વખતના સુપ્રયત્નથી એક સારો ભંડાર તૈયાર કર્યો હતો અને તે શ્રી જૈન આત્માનંદ સભાને રક્ષણ માટે સુવ્યવસ્થા માટે સોંપ્યો છે.

બે વર્ષથી તેઓશ્રીના શરીરમાં સહેજસાજ માંદગી શરૂ થઇ હતી. થોડાવખતમાં રોગે ભયંકર સ્વરૂપ લીધું હતું. વ્યાધિ અતિશય છતાં સમતા ભાવથી સહન કરતા હતા. છેવટ સુધી શાંતિ દેખાતી હતી. છેલ્લી વખતે પણ સમાધિપૂર્વક અર્હંત પરમાત્માના નામોચ્ચાર સ્મરણપૂર્વક કાળધર્મ પામ્યા છે. આવા મુનિ મહારાજના સ્વર્ગવાસથી જૈન સમાજને એક મુનિરત્નની ખોટ પડી છે. સભા પોતાની અત્યંત દીલગીરી જાહેર કરે છે. છેવટે તેમના ચારિત્રપાત્ર સુશિષ્ય મુનિરાજશ્રી જશવિજયજી મહારાજને ઉક્ત મહાત્માને સુપગલે ચાલવા નમ્ર વિનંતિ કરે છે અને તે મહાત્માના પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

---

## પંન્યાસજી શ્રી મુકિતવિમળજી મહારાજનો સ્વર્ગવાસ.

ઉક્ત મહાત્મા ૨૫ વર્ષની લઘુ વયમાં ગયા માસમાં અમદાવાદમાં સ્વર્ગવાસ પામ્યા છે. આ મુનિરાજ ધર્મના સારા અભ્યાસી અને ક્રિયાપાત્ર હતા. તેઓશ્રીની જીંદગી લંબાણી હોત તો તેઓ એક વિદ્વાન મુનિરાજ થાત એમ ચોકસ હતું. એમના ગચ્છમાં તેઓશ્રીની ન પુરી શકાય તેવી ખોટ પડી છે. તેઓશ્રીના પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીયે છીયે.

---

## શેઠ લલ્લુભાઇ ધરમચંદ ઉદયચંદ ઝવેરીનો સ્વર્ગવાસ.

ધર્મનિષ્ઠ પ્રખ્યાત ઝવેરી શેઠ ધરમચંદ ઉદયચંદના જ્યેષ્ટ પુત્ર, બંધુ લલ્લુભાઇ ધરમચંદ ૪૭ વર્ષની વયે તાવની બીમારીલી તા. ૨૮—૯—૧૯૧૪ ના રોજ પંચત્વ પામ્યા છે. બંધુ લલ્લુભાઇ સ્વભાવે શાંત, સરલ, ઉદાર અને જૈન કોમની દાઝ દિલમાં ધરનાર એક નરરત્ન હતા. ઝવેરાતના ધંધામાં પૂર્ણ બાહોશ હોઇ મુંબઇ તેમજ અરબસ્તાન, વિલાયત, ફ્રાન્સ અમેરિકા આસ્ટ્રેલીયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે દેશોમાં પેઢી સ્થાપી ઝવેરાતના ધંધામાં પોતાનું નામ મશહુર કર્યું હતું. અને સાથે અનેક દેશબંધુ અને ધર્મબંધુઓને તેવીજ સહાય આપી હતી. વળી ધાર્મિક અને બીજી બાબતોમાં પણ અનેક સખાવતો કરી મનુષ્યજન્મ સાર્થક કર્યું હતું. વળી હાલમાં બે વર્ષ પહેલાં રૂ ૬૦૦૦૦) સાઠ હજાર જેવી મોટી રકમ કાઢી પોતાના મરહુમ પિતાના નામથી કેળવણી ફંડની સ્થાપના કરી હતી. પોતાના લઘુ બંધુ શેઠ જીવણચંદભાઇ પણ કે જે સમાજસેવા અને જાહેર સખાવત માટે સુપ્રસિદ્ધ છે. તેના દરેક કાર્ય અને વિચારને ઉત્સાહ સાથે સલાહકારક આ બંધુ લલ્લુભાઇના સ્વર્ગવાસથી તેમના કુટુંબને તેમની જ્ઞાતિ અને જૈન સમાજને એક નરરત્નની ખોટ પડી છે તે માટે અમે અમારી દીલગીરી જાહેર કરીયે છીયે. સાથે બંધુ જીવણચંદભાઇના માતુશ્રી અને કુટુંબને દિલાસો આપવા સાથે તેમના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીયે છીયે.

## બંધુ ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમનો સ્વર્ગવાસ.

વડોદરા નિવાસી બંધુ ચીમનલાલ શુમારે ૩૫ વર્ષની ભરયુવાન વયે તાવની બીમારીથી પંદર દિવસ પહેલાં વડોદરા શહેરમાં આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા છે. બંધુ ચીમનલાલ વડોદરા સ્ટેટમાં સરકારી સેન્ટ્રલ લાયબ્રેરીના આસીસ્ટંટ મેનેજર હતા. શ્રીમાન્ ગાયકવાડ સરકારના તેઓ પ્રીતિપાત્ર હતા. તેઓ જૈન સાહિત્યના ભક્ત અને શોખીન હોવાથી તેમના સ્વર્ગવાસથી જૈન કોમને એક સાહિત્ય શોધક નરરત્નની ખરેખરી ખોટ પડી છે. તેમના સાહિત્ય વિચાર રત્નોનો હાલ તો લય થયો છે. થોડો વખત થયા નામદાર ગાયકવાડ સરકારના ખરચે જૈન સાહિત્યને પ્રકાશમાં લાવવાનું તેમણે બીડું ઝડપ્યું હતું જે તેમના સ્વર્ગવાસથી તે માટે નહીં પુરી શકાય તેવી ખોટ હાલ તો તે પુરૂષ માટે પડી છે. જેસલમેર વગેરે મારવાડના ભંડારોનો રીપોર્ટ તેમની હૈયાતી હોત તો જે તૈયાર થાત અને તેમ થતા સ્વપરમતમાં જૈન સાહિત્ય પ્રકાશમાં આવત. તે બંધુ ચીમનલાલના અભાવથી હાલ તો ઢંકાઇ ગયેલું છે. અંતિમ વખતે સન્નિપાતમાં પણ સાહિત્ય સંબંધીજ માત્ર જેનું રટન હતું એવા સાહિત્યનર રત્નનો સ્વર્ગવાસ થવાથી જૈન સમાજને એક ખરેખરા નરરત્નની ખોટ પડી છે તેઓ સ્વભાવે શાંત-માયાળુ અને હૃદયપ્રેમી હતા. તેમના સ્વર્ગવાસથી અમો દીલગીર છીયે. તેમના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

## આ સભાના માનવંતા વાર્ષિક સભાસદોને વિનંતિ.

આ સભાના સુજ્ઞ વાર્ષિક સભાસદોને તેઓના પાસે સભાસદ તરીકેના વાર્ષિક લવાજમની રકમ વસુલ કરતા ભેટની બુક મેમ્બરશીના લેણા પુરતી રકમના વી. પી. થી મોકલવામાં આવશે, જે મહેરબાની કરી સ્વીકારી લેવું. આ વર્ષે આ સભાના સુજ્ઞ વાર્ષિક સભાસદોને ભેટની બુક સાથે **શ્રી અક્ષયનિધિતપવિધિની** બુક મળીને બે પુસ્તકનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

| | | | |
|---|---|---|---|
| ૧ ધર્માભ્યુદય નાટક, સૂક્તમુક્તાવળી. | ૦—૪—૦ | ૨ પંચનિર્ગ્રંથી પ્રજ્ઞાપના તૃતીયપાદ- સંગ્રહણી સટીક. | ૦—૪—૦ |
| ૩ રત્નશેખરી કથા. (પ્રાકૃત) | ૦—૪—૦ | | |
| ૪ દાનપ્રદીપ. | ૨—૦—૦ | ૫ બૃહત સંઘયણિ મોટી ટીકા. | ૧-૧૨-૦ |
| ૬ શ્રાદ્ધવિધિ. | ... ... | ૭ ષડ્દર્શન સમુચ્ચય. | ... ... |

## છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.

૨ સત્તરિસય ઠાણુ સટીક—શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.

૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.

૪ ચૈત્યવંદન મહાભાષ્ય.

૫ ધર્મપરીક્ષા. જામનગરવાળી બેન મણી ત.

૬ જૈન મેઘદૂત સટીક.

૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ

૮ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ.

૯ દ્રૌપદી સ્વયંવર નાટક.

૧૦ અંતગડદશાંગ સૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.

૧૧ શ્રી કલ્પસૂત્ર—કીરણાવળી. શેઠ દોલતરામ વેણીચંદના પુત્ર રત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મ પત્નિ બાઇ ચુનીબાઇની દ્રવ્ય સહાયથી

૧૨ શ્રી ઉપાસકદશાંગ બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પન્નાજી.

## છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.

૨ ષટ્સ્થાનક સટીક.

૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક.

૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.

૫ બંધહેતુદય ત્રિભંગી સટીક.

૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.

૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.

૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.

૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય.

૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.

૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.

૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.

૧૩ ધાતુ પારાયણ.

## આગમો છપાવવાની થયેલ યોજના.

१ अनुत्तरोववाईसूत्र सटीक. २ नंदीसूत्र. श्रीहारिभद्रसूरिकृत टीका साथे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગુર્જર ભાષાંતર ) **શ્રીભગવતી સૂત્ર.** ( પ્રથમગુચ્છ )

## કિંમત રૂા. ૨-૮-૦ ટપાલખર્ચ જુદું.

શ્રી જૈનધર્મનું ખરૂં જીવન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આખા જૈન ધર્મની ઇમારત સૂત્રોના પાયા ઉપર જ રચાણી છે. ભગવાન્ શ્રી જિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીરપ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમૂલ્ય શિક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે. સાંપ્રતકાલે જૈનોના પીસ્તાલીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે **ભગવતી** સૂત્રની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્ત્વોનું યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આવશ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાંથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્ત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે. આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેમાં જીવે પોતે કરેલા દુઃખને વેદના સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશનો છે; જેમાં જીવે કરેલાં કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો પ્રકૃતિનો ઉદ્દેશ છે; જેમાં કર્મની પ્રકૃતિ–ભેદના પ્રશ્નનો નિણય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ પૃથ્વી સંબંધી છે, જેમાં "પૃથ્વીઓ કેટલી છે?" એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠ્ઠો યાવત્ ઉદ્દેશ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે સૂર્ય રહેલો છે, તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉત્પન્ન તાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમા બાલ નામના ઉદ્દેશમાં "મનુષ્ય એકાંત બાલક છે કે કેમ?" એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા ગુરૂત્વના ઉદ્દેશમાં "જીવો કેવી રીતે ગુરૂત્વ–ભારેપણાને પામે છે?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમા ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, તે અચલિત છે. ચાલતું નથી. ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**પુરૂષોત્તમ ગીગાભાઇ શાહ ભાવનગર.**

Registered No. B. 431

For Private And Personal Use Only